# આત્મધર્મ

## વર્ષ ૩૦

## સળંગ અંક ૩૫૬

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Aug 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૫૬

## શૂરવીરતા

રાગભાવ તો અનાદિથી જીવ કરે જ છે; તેનું ફળ સંસાર છે. રાગ કરવો તેમાં કાંઈ શૂરવીરતા નથી; શૂરવીરતા તો રાગથી ભિન્ન એવા વીતરાગી ચૈતન્યભાવમાં છે; ભેદજ્ઞાન વડે આનંદમય ચૈતન્યપરિણતિ થવી તે જ સાચો પુરુષાર્થ છે, તે જ મોક્ષ માટેનું સાચું પરાક્રમ છે. સમકિતી ધર્માત્મા શૂરવીરપણે વીતરાગમાર્ગને સાધે છે. એની જ્ઞાનચેતના રાગથી કોઈ જુદું જ કામ કરે છે. એ બહારથી ન દેખાય. પણ બીજા એને દેખે કે ન દેખે એની અપેક્ષા જ્ઞાનીને ક્યાં છે? એ તો જગતની અપેક્ષા છોડીને પોતે પોતામાં એકલો–એકલો જ્ઞાનચેતનાના આનંદને વેદે છે... આનંદનો સ્વાદ લેતો લેતો ભગવાનના માર્ગે ચાલ્યો જાય છે.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૯ જેઠ (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૩૦ઃ અંક ૮

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## વિવિધ સમાચાર-

❀ દિલ્હી મુમુક્ષુ મંડળના મંત્રીશ્રી રવિચંદ જૈન લખે છે કે-પૂ. શ્રી કાનજીસ્વામીની ૮૪ મી જન્મજયંતિ દિલ્હીમાં ખૂબ ઉત્સાહપૂર્વક શ્રી પરસાદીલાલજી પાટનીની અધ્યક્ષતામાં ઉજવવામાં આવી હતી. અનેક વિદ્વાનોએ અને મહાનુભાવોએ શ્રદ્ધાંજલિ આપી હતી. અંતમાં અધ્યક્ષસ્થાનેથી શ્રી પરસાદીલાલજી પાટનીએ કહ્યું કે-આજના જમાનામાં આપણને જૈનધર્મનું સાચું સ્વરૂપ દેખાડનારા પૂ. શ્રી કાનજીસ્વામીજી જ છે, અને આપણે સૌએ તેમના બતાવેલા માર્ગે ચાલવું જોઈએ.

❀ કલકત્તા શહેરમાં ઉજવાયેલી ૮૪ મી જન્મજયંતીના કેટલાક સમાચારો ગતાંકમાં આપે વાંચ્યા. આ ઉત્સવમાં કલકત્તાના નાનકડા બાલસભ્યોએ પણ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો... તેમના તરફથી આવેલા સમાચારો અહીં આપવામાં આવે છે. ગુરુદેવે બતાવેલા માર્ગે ચાલવા ને દેવ-ગુરુની ભક્તિ કરવા સૌ બાળકો-છે તૈયાર....છે તૈયાર....વગેરે પ્રકારે ઉલ્લાસમય વાતાવરણથી સ્વાગત શોભતું હતું. ૮૪ બહેનો ૮૪ મંગળ કળશસહિત સ્વાગતના મંગળગીત ગાતી હતી. પૂ. બંને ધર્મમતાઓએ પણ જન્મદિવસે આનંદમય ભક્તિ કરાવી હતી. બાળકોએ તૈયાર કરેલ 'જ્ઞાનબીજ' નામનો એક અભિનંદન-અંક ગુરુદેવને અર્પણ કરવામાં આવ્યો હતો.

❀ જન્મદિવસે શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કલકત્તા મુમુક્ષુમંડળના સ્વાગતઅધ્યક્ષ શ્રી મિશ્રિલાલજીએ કહ્યું કે-ભારતવર્ષમાં ગુરુદેવ આજે આપણને આત્માનું સાચું સ્વરૂપ સમજાવી રહ્યા છે. પોતાને તેનો અનુભવ છે ને આપણને અનુભવ કરવાનું કહી રહ્યા છે. ગુરુદેવ હજી શાસનની ઉન્નત્તિ કરતા કરતા ઘણા આગળ જવાના છે-તેમાં શંકા નથી. તેમની શુદ્ધાત્માના અનુભવવાળી આત્મસ્પર્શી વાણી સાંભળવા મળે છે તે આપણા અહોભાગ્ય છે. ગુરુદેવની જેમ આપણે પણ આત્મજ્ઞાન પામીએ-એ જ સાચી શ્રદ્ધાંજલિ છે.

❀ શેઠ શ્રી શાંતિપ્રસાદજી શાહુજીએ કહ્યું કે-આજે કલકત્તાના નગરીના અહોભાગ્ય છે કે આવા મહાન પુરુષ અહીં પધાર્યા છે ને સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય તે સમજાવી રહ્યા છે. ભારતના પશ્ચિમ છેડેથી પૂર્વના છેડે આવીને તેઓ આપણને આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજાવે છે. હિતના સાચા રસ્તાનો અનુભવ કરીને આપણને પણ તે રસ્તો દેખાડી રહ્યા છે. આપણે તેમને વિનતિ કરીએ કે ઠેઠ પહોંચતા સુધી તેઓ આપણને રસ્તો બતાવ્યા કરે ને આપણે તે રસ્તા પર ચાલીએ.

( વિશેષ માટે જુઓ પાનું ૩૭ )

છ માસનું લવાજમ બે રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૯ : જેઠ : JUNE 1973

વર્ષ ૩૦ અંક–૮

# સંતો બતાવે છે આત્માના હિતનો માર્ગ

**ભાઈ, તારા હિતનો માર્ગ તારા સ્વભાવની જાતનો છે, તે રાગની જાતનો નથી.**

卐

આત્માનો મોક્ષમાર્ગ એટલે સુખનો માર્ગ, તે કોઈ બીજાના આશ્રયે પ્રગટતો નથી; પર તરફનો જે કોઈ ભાવ હોય તે રાગ–દ્વેષરૂપ ભાવ છે, તે મોક્ષમાર્ગ નથી, તે આત્માની જાત નથી. મોક્ષમાર્ગ તો આત્માની જાતનો જ હોય, તે આત્માના સ્વભાવના આશ્રયે જ પ્રગટે છે; તે રાગના આશ્રયે પ્રગટતો નથી, કે શરીરના આશ્રયે થતો નથી.

આત્માની ચૈતન્યજાત અને રાગાદિ પરભાવની જાત–એ બંને અત્યંત ભિન્ન છે. ચૈતન્યજાતના આશ્રયે રાગ પ્રગટે નહિ, ને રાગની જાતના આશ્રયે ચૈતન્યજાત પ્રગટે નહિ. બંનેની ભિન્ન જાત ઓળખે ત્યારે જ ચૈતન્યસ્વભાવના આશ્રયે ચૈતન્યભાવરૂપ સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે. તે જ મોક્ષમાર્ગ છે.

અહો, આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે; તેના આશ્રયે પ્રગટેલો જ્ઞાનભાવ જ મોક્ષમાર્ગ છે. અંશી એવો જે જ્ઞાન–આનંદસ્વભાવ, તેના આશ્રયે જ મોક્ષમાર્ગરૂપ અંશો પ્રગટે છે. સ્વભાવના અંશો અંશીના જ આશ્રયે પ્રગટે, પણ વિજાતના આશ્રયે ન પ્રગટે. સાચા જ્ઞાનનો અંશ જ્ઞાનના જ આશ્રયે પ્રગટે, રાગના આશ્રયે ન પ્રગટે. રાગના

સેવન વડે તો રાગનું જ કાર્ય પ્રગટે, પણ જ્ઞાન ન પ્રગટે. અંશીની સાથે એકતા કરીને પ્રગટેલો અંશ તે જ સાચો અંશ છે. (પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ સાચી શરૂઆત છે.) પૂર્ણતાનું લક્ષ કહો કે સમ્યગ્દર્શન કહો, તેનાથી જ મોક્ષમાર્ગની શરૂઆત છે. આત્મા આખો આનંદસ્વભાવ છે, તેના અનુભવથી જ આનંદ પ્રગટે છે. રાગના આશ્રયે આનંદનો અનુભવ કદી ન થાય, કેમકે આનંદ તે કાંઈ રાગનો અંશ નથી. એ જ રીતે જ્ઞાન અને શ્રદ્ધા પણ રાગના આશ્રયે થતા નથી, કેમકે તે જ્ઞાનાદિ કાંઈ રાગના અંશ નથી. રાગના આશ્રયે તો રાગ પ્રગટે, કાંઈ મોક્ષમાર્ગ ન પ્રગટે.

જુઓ, આ સત્યાર્થ મોક્ષમાર્ગ! સાચો મોક્ષમાર્ગ રાગ વગરનો છે. આત્માના જ્ઞાન ને આનંદ તે રાગ વગરના છે. જ્ઞાન ને આનંદ તે આત્માના મુખ્ય ગુણો છે. 'ચિદાનંદાય નમઃ' વગેરે મંત્રો આત્માના સ્વભાવને સૂચવે છે, તેમાં શ્રદ્ધા–વીર્ય વગેરે અનંત ગુણો સમાઈ જાય છે. જે ગુણથી જુઓ તે ગુણસ્વરૂપ આખો આત્મા દેખાય છે. આનંદની મુખ્યતાથી જુઓ તો આખો આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનની મુખ્યતાથી જુઓ તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે; એ જ રીતે શ્રદ્ધા વગેરે અનંત ગુણસ્વરૂપ આખો આત્મા છે; તેના લક્ષથી સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદ પ્રગટે છે. આત્માના લક્ષે રાગ પ્રગટતો નથી, તેનો તો અભાવ થઈ જાય છે. રાગ તે આત્મગુણ નથી એટલે રાગના આશ્રયે આત્માના કોઈ ગુણ (સમ્યગ્દર્શનાદિ) પ્રગટતા નથી. બધાય ગુણોની નિર્મળ પર્યાય આત્માના જ આશ્રયે પરિણમે છે; પોતાના જ્ઞાનાદિ ગુણપર્યાયોને ધારણ કરનાર વસ્તુ આત્મા જ છે. જેનામાં જે ગુણ જ નથી તેના આશ્રયે તે ગુણનું કાર્ય પ્રગટે નહીં; જેમાં ગુણ હોય તેના જ આશ્રયે તેનું કાર્ય પ્રગટે. જેનામાં જ્ઞાન હોય તેના આશ્રયે કેવળજ્ઞાન થાય, જેનામાં આનંદ હોય તેના આશ્રયે આનંદ થાય. જેનામાં જ્ઞાન કે આનંદ છે જ નહીં તેના આશ્રયે તે ક્યાંથી પ્રગટે? માટે હે જીવ! તું પરનો આશ્રય છોડ...ને સ્વદ્રવ્યની સામે જોઈને તેનો જ આશ્રય કર....આ કામ ત્વરાથી કર એટલે કે શીઘ્ર કર. આત્માના હિતના આ કાર્યમાં તું વિલંબ ન કર.

અરે જીવ! તારી અવસ્થામાં તને અનંતકાળથી દુઃખનો અનુભવ છે તે કેમ છૂટે? અને અનાકુળતારૂપ સાચું આત્મસુખ કેમ અનુભવમાં આવે?–તેની રીત વીતરાગીસંતો તને બતાવે છે, તે તારા હિતને માટે લક્ષમાં લે, વિચારમાં લે. બહારના બીજા તો વિચાર ઘણા કરે છે, તો તારા આ હિતની વાત પણ જરાક વિચારમાં લે. બીજા સંસારના વિચાર કરીને દુઃખી થઈ રહ્યો છો, પણ ભાઈ! એકવાર આત્માના

સુખને તો વિચારમાં લે. જે દુઃખ છે તે કાંઈ ચૈતન્યની જાત નથી, પણ તેની પાછળ આનંદનો આખો સમુદ્ર ભરેલો છે; તે સમુદ્રને દેખ, તો પર્યાયમાં પણ તે આનંદના તરંગ ઉલ્લસે ને દુઃખ ન રહે. આનંદની વિકૃતિ તે દુઃખ છે. લાકડામાં દુઃખ નથી, કેમકે તેનામાં આનંદસ્વભાવ નથી. આનંદસ્વભાવ જ્યાં ન હોય ત્યાં તેની વિકૃતિરૂપ દુઃખ પણ ન હોય. દુઃખ તે તો વિકૃતિ ક્ષણિક કૃત્રિમભાવ છે, તે જ વખતે આનંદ–સ્વભાવ સહજ–અકૃત્રિમ શાશ્વત છે. આનંદસ્વભાવને ભૂલીને અજ્ઞાનથી દુઃખ ઊભું કર્યું છે; આનંદસ્વભાવને અનુભવમાં લેતાં દુઃખ મટી જાય છે. દુઃખ સંયોગમાં નથી ને સ્વભાવમાં પણ નથી, તે તો ક્ષણિક વિકૃતિ છે;–કોની વિકૃતિ? આત્માની અંદર જે આનંદસ્વભાવ ભર્યો છે તેની વિકૃતિ તે દુઃખ છે. આનંદસ્વભાવના અનુભવ વડે તે વિકૃતદશા ટળીને આનંદ દશા પ્રગટે છે. અરે, દુઃખ શું છે–એનું પણ જીવને ભાન નથી. દુઃખને ખરેખર ઓળખે તો આખો આનંદસ્વભાવ સિદ્ધ થઈ જાય; આનંદસ્વભાવને જાણે ત્યારે દુઃખનું સ્વરૂપ ખ્યાલમાં આવે.

હવે દુઃખની જેમ કષાયની વાત લઈએ. કષાય તે પણ દુઃખ જ છે. અંદર શાંતરસથી ભરેલો અકષાય–સ્વરૂપ આત્મા છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ અકષાયભાવની ઉત્પત્તિ થાય છે, તે મોક્ષમાર્ગ છે. તે અકષાયભાવનો આધાર કાંઈ રાગાદિ વિકલ્પો નથી. રાગ–દ્વેષ પોતે કષાય છે, તે અકષાયભાવનું કારણ થતા નથી; અને શાંત અકષાયસ્વભાવની સન્મુખતાથી કષાયની ઉત્પત્તિ થતી નથી. કષાય ક્ષણિક વિકૃતભાવ છે, અકષાયસ્વભાવ ત્રિકાળ છે; તે બંનેને જાણે તો અકષાય–ચૈતન્ય–સ્વભાવનો અનુભવ કરીને કષાયનો અભાવ કરે.–એ મોક્ષમાર્ગ છે. ક્ષણિક કષાયને કાંઈ ત્રિકાળી સ્વભાવનો આધાર નથી, ત્રિકાળીસ્વભાવમાં તો કષાય છે જ નહીં; આવા સ્વભાવને લક્ષમાં લેતાં કષાયભાવો છૂટી જાય છે; ને કષાય વગરની ચૈતન્યશાંતિનું વેદન થાય છે.

એ જ રીતે શ્રદ્ધાસ્વભાવી આત્મા છે, તેની સન્મુખતાથી સમ્યગ્દર્શન છે. મિથ્યાત્વ તો એક ક્ષણપૂરતી વિકૃતિ છે, તેને કાંઈ સ્વભાવનો આધાર નથી. જે શ્રદ્ધાસ્વભાવ ત્રિકાળ છે તેનો સ્વીકાર કરતાં મિથ્યાત્વ રહેતું નથી. સમ્યકત્વ પ્રગટ કરવા માટે આવા આત્મસ્વભાવનો જ આધાર છે, રાગાદિ વિકલ્પોના આધારે સમ્યગ્દર્શન થતું નથી.

એ જ રીતે સમ્યક્પુરુષાર્થરૂપ વીર્ય, તે આત્માનો સ્વભાવ છે; તેના આશ્રયે રત્નત્રયના પુરુષાર્થરૂપ વીર્યબળ પ્રગટે છે; વિકલ્પમાં એવું બળ નથી કે રત્નત્રયને

પ્રગટ કરે. બલ–વંત વીર્યવાન આત્મા છે કે જે સ્વબળ વડે રત્નત્રય પ્રગટ કરે છે. બળ નામની એક ઔષધિ આવે છે તેમ આત્મામાં વીર્યબળરૂપ એવું ઔષધ છે કે જે સર્વ કષાયરોગનો નાશ કરીને અવિકારી રત્નત્રયનું અને કેવળજ્ઞાનાદિ–ચતુષ્ટયનું અનંત બળ આપે છે; રાગમાં એવું બળ નથી કે રત્નત્રય આપે. અનંત ગુણરૂપ જે આત્મસ્વભાવ છે તેના જ આશ્રયે મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે. આવો સાચો મોક્ષમાર્ગ વિચારીને તેનું સ્વરૂપ નક્કી કરવું જોઈએ.

નિશ્ચયથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતારૂપ જ મોક્ષમાર્ગ છે; બે મોક્ષમાર્ગ નથી. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ–એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે–એમ પં. ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે. નિશ્ચય મોક્ષમાર્ગ સિવાય બીજા કોઈને મોક્ષમાર્ગ કહેવો તે ખરેખર મોક્ષમાર્ગ નથી, પણ માત્ર ઉપચાર છે–એમ જાણવું. શુદ્ધઆત્મતત્ત્વને જાણીને, શ્રદ્ધા કરીને, તેના અનુભવ વડે જ મોક્ષ પમાય છે, બીજો માર્ગ નથી....નથી.

પ્રવચનસારમાં કહે છે કે–અતીતકાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકર ભગવંતોએ આ એક જ પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવ્યો, કેમકે બીજા પ્રકારનો અભાવ હોવાથી તેમાં દ્વૈત સંભવતું નથી. એ રીતે શુદ્ધાત્માના અનુભવ વડે પોતે કર્મનો ક્ષય કરીને તે સર્વે તીર્થંકરભગવંતોએ પરમ આપ્તપણાને લીધે ત્રણેકાળના મુમુક્ષુઓને પણ એ જ પ્રકારનો ઉપદેશ કર્યો અને પછી તેઓ મોક્ષને પામ્યા. માટે નિર્વાણનો અન્ય માર્ગ નથી એમ નક્કી થાય છે. આ રીતે એક જ પ્રકારના સમ્યક્ માર્ગનો નિર્ણય કરીને આચાર્યદેવ કહે છે કે અહો! આવો મોક્ષમાર્ગ ઉપદેશનારા ભગવંતોને નમસ્કાર હો.

**અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત્ત થયા, નમું તેમને.**
**શ્રમણો-જિનો-તીર્થંકરો એ રીતે સેવી માર્ગને,**
**સિદ્ધિ વર્યા, નમું તેમને; નિર્વાણના તે માર્ગને.**

શુદ્ધઆત્મઅનુભૂતિરૂપ જે નિશ્ચય રત્નત્રય તે સિવાય બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી–નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે સ્વરૂપ એક મોક્ષમાર્ગ છે, પણ જુદા–જુદા ત્રણ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન હોય ત્યાં સમ્યગ્દર્શન સાથે હોય જ છે, અને ત્યાં અનંતાનુબંધીકષાયના અભાવરૂપ ચારિત્રનો અંશ પણ હોય છે. આ રીતે શુદ્ધ–

રત્નત્રયરૂપ એક જ મોક્ષમાર્ગ છે. પછી તે રત્નત્રયની શુદ્ધીમાં તારતમ્યપણે ભલે અનેક પ્રકાર હોય, પણ તેમાં જાત એક જ છે; જેટલી રત્નત્રયની શુદ્ધતા છે તેટલો જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

પ્રશ્નઃ– ઘણે ઠેકાણે નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે મોક્ષમાર્ગ કહ્યા છે અને તમે તો મોક્ષમાર્ગ એક જ કહો છો, તો તેમાં વિરોધ નથી ?

ઉત્તરઃ– ના; સાચો મોક્ષમાર્ગ એક જ છે, અને બીજો કોઈ ખરેખર મોક્ષમાર્ગ નથી–એમ નિર્ણય કરીને સાચા મોક્ષમાર્ગને જ મોક્ષમાર્ગરૂપે ગ્રહણ કરવો, તે જ અવિરુદ્ધપણું છે. પણ, નિશ્ચયમોક્ષમાર્ગ તે પણ માર્ગ છે, અને વ્યવહારમોક્ષમાર્ગ તે પણ માર્ગ છે–એમ બંનેને સાચા માનીને અંગીકાર કરતાં તો વિરોધ આવે છે. એક નિશ્ચયમોક્ષમાર્ગ તે સાચો માર્ગ છે અને બીજો માર્ગ કહેવો તે તો માત્ર ઉપચાર છે, તે સાચો માર્ગ નથી,–એમ ઓળખતાં જ સાચા મોક્ષમાર્ગનું જ્ઞાન થાય છે, અને તેમાં જ બંને નયોના સાચા અર્થનો સ્વીકાર થાય છે.

આત્માના શુદ્ધસ્વભાવની અનુભૂતિસ્વરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના જે શુદ્ધ વીતરાગ પરિણામ છે તે તો સાચો મોક્ષમાર્ગ છે એટલે નિશ્ચયથી ખરેખર તે મોક્ષમાર્ગ છે; અને ત્યાં જે સાચો મોક્ષમાર્ગ તો નથી પણ મોક્ષમાર્ગની સાથે નિમિત્તપણે વર્તે છે તેને પણ મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. 'कारण सो ववहारो'–વ્યવહારને નિશ્ચયમોક્ષમાર્ગનું કારણ કહ્યું તે પણ ઉપચાર છે એટલે નિમિત્તરૂપ છે–એમ સમજવું. જેમ ઉપાદાન વગરનું નિમિત્ત તે ખરેખર નિમિત્ત નથી, તેમ નિશ્ચયની અપેક્ષા વગરનો વ્યવહાર તે ખરેખર વ્યવહાર નથી. નિશ્ચય વગર એકલો વ્યવહાર હોતો નથી, એટલે પહેલાં એકલો વ્યવહાર હોય ને તેનાથી નિશ્ચય પમાય –એ વાત સાચી નથી. 'બંને સાથ રહેલ'–એટલે નિશ્ચય અને વ્યવહાર બંને સાથે રહેલા હોવા છતાં તેમાં સત્ય મોક્ષમાર્ગ તો એક જ છે, બે નથી.

સાચા મોક્ષમાર્ગના નિર્ણય માટે આ વાત ખાસ પ્રયોજનભૂત હોવાથી બરાબર નિર્ણય કરવો જરૂરી છે. સાધકને એક પર્યાયમાં નિશ્ચય–વ્યવહાર બંને સાથે વર્તે છે, તેમાં નિશ્ચયરત્નત્રય તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે, અને તેને અનુકૂળપણે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રના જે શુભવિકલ્પો વર્તે છે તેમાં મોક્ષમાર્ગનો વ્યવહાર કરવો તે ઉપચાર છે, તે સત્યાર્થ નથી. એક જ સત્ય મોક્ષમાર્ગ, ને બીજો સત્ય નહિ પણ ઉપચાર,–એમ મોક્ષમાર્ગનું સ્વરૂપ વિચારવું. નિશ્ચય અને વ્યવહાર બંને ભેગાં થઈને એક મોક્ષમાર્ગ છે–એમ નથી. નિશ્ચય તે એક જ મોક્ષમાર્ગ છે.

* શુદ્ધઆત્માની શ્રદ્ધા તે એક જ સમ્યગ્દર્શન છે;

* શુદ્ધઆત્માનું જ્ઞાન તે એક જ સમ્યગ્જ્ઞાન છે;

* શુદ્ધઆત્મામાં લીનતા તે એક જ સમ્યક્ચારિત્ર છે.

* આવા શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ એક જ મોક્ષમાર્ગ છે.

* વ્યવહારના વિકલ્પોનો તેમાં અભાવ છે.

નિશ્ચયની ભૂમિકામાં તેને યોગ્ય જ વ્યવહાર હોય છે, તેનો સ્વીકાર છે, પણ તેને સત્ય મોક્ષમાર્ગ તરીકે જ્ઞાની સ્વીકારતા નથી.

પ્રશ્નઃ– જે વ્યવહારરત્નત્રય છે તે ખરેખર મોક્ષમાર્ગ નથી, તો ઉપચારથી તેને મોક્ષમાર્ગ કેમ કહ્યો ?

ઉત્તરઃ– કેમકે નિશ્ચય સાથે તે ભૂમિકામાં તેવો જ વ્યવહાર નિમિત્તપણે હોય છે, વિપરીત નથી હોતો,–એમ તે ભૂમિકાનું જ્ઞાન કરાવવા તેમાં મોક્ષમાર્ગનો ઉપચાર છે. જેમ બિલાડીમાં વાઘનો ઉપચાર તે એમ સૂચવે છે કે બિલાડી પોતે ખરેખરો વાઘ નથી, ખરો વાઘ એનાથી બીજો છે; તેમ વ્યવહારમાં મોક્ષમાર્ગનો ઉપચાર તે એમ સૂચવે છે કે વ્યવહાર પોતે ખરેખરો મોક્ષમાર્ગ નથી, ખરો મોક્ષમાર્ગ એનાથી બીજો છે, 'જ્ઞાન તે આત્મા' એટલા ગુણગુણીભેદના વિકલ્પરૂપ વ્યવહાર પણ મોક્ષનું સાધન થઈ શકતો નથી, ત્યાં બીજા સ્થૂળ રાગની શી વાત ?

* મોક્ષમાર્ગ બે નથી, એક જ છે; તેમ–

* મોક્ષમાર્ગમાં જે સમ્યગ્દર્શન છે તે બે નથી, એક જ છે;

* મોક્ષમાર્ગમાં જે સમ્યગ્જ્ઞાન છે તે બે નથી, એક જ છે;

* મોક્ષમાર્ગમાં જે સમ્યક્ચારિત્ર છે તે બે નથી, એક જ છે.

એકરૂપ આત્મસ્વરૂપની અનુભૂતિમાં આવો મોક્ષમાર્ગ સમાય છે. તેથી અભેદનયથી અનુભૂતિસ્વરૂપ જે આત્મા છે તે પોતે જ મોક્ષમાર્ગ છે. આત્મા સિવાય બીજા કોઈનું અવલંબન તેમાં નથી. ભાઈ, તારા હિતનો માર્ગ તારા સ્વભાવની જાતનો છે, તે તારા આત્માના આશ્રયે જ પ્રગટે છે–સંતો તારા હિતનો આવો માર્ગ તને બતાવે છે. તેને ઓળખીને સ્વાશ્રયે તારું હિત સાધી લે.

# પરમ સુખરૂપ મોક્ષને જ્ઞાની જ ઓળખે છે. અજ્ઞાની મોક્ષસુખને ઓળખતો પણ નથી.

**જ્ઞાની જ રાગથી ભિન્ન ચૈતન્યસુખરૂપ મોક્ષના સ્વાદને જાણીને તેને સાધે છે. સિદ્ધ ભગવાન વગેરેની પણ ખરી ઓળખાણ તેને જ છે.**

આત્માનો સ્વભાવ નિરાકુળ આનંદથી ભરેલો, અને ઇચ્છાના અભાવરૂપ છે; પણ એવા નિજસ્વભાવની શક્તિને અજ્ઞાની ખોઈ બેઠો છે–ભૂલી ગયો છે, તેથી તે ઇચ્છાને રોકતો નથી, એટલે કે ઇચ્છાના નિરોધરૂપ તપ–કે જેમાં આત્માના આનંદનો અનુભવ છે અને જે નિર્જરાનું કારણ છે તેને અજ્ઞાની ઓળખતો નથી; તે તો એમ માને છે કે અનાજ ન ખાધું અથવા કંઈક શુભરાગ કર્યો–એટલે તપ થઈ ગયો ને નિર્જરા થઈ ગઈ;–પણ એવું તપનું કે નિર્જરાનું સ્વરૂપ નથી. અંતરના ધ્યાન વડે ચૈતન્યનું પ્રતપન થાય એટલે કે વિશેષ શુદ્ધતા થાય તે તપ અને નિર્જરા છે. અને નીરાકુળતારૂપ મોક્ષતત્ત્વ છે.–આવા નિર્જરા અને મોક્ષતત્ત્વને અજ્ઞાની ઓળખતો નથી. સાતે તત્ત્વોમાં અજ્ઞાનીને વિપરીત પ્રતીતિ છે; આવી ઊંધી શ્રદ્ધાસહિતનું જે કાંઈ જાણપણું છે તે બધુંય અજ્ઞાન છે અને દુઃખદાયક છે,–એમ જાણીને તે છોડવા યોગ્ય છે.

શાસ્ત્રોએ ચારગતિના જે મહાભયંકરદુઃખો વર્ણવ્યા છે તેનું કારણ મિથ્યાશ્રદ્ધા–મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર છે; જીવાદિ તત્ત્વોના સાચા જ્ઞાનવડે તે મિથ્યાત્વાદિ છૂટે છે, ને મોક્ષસુખનો સાચો ઉપાય પ્રગટે છે. અહા, મોક્ષસુખનો સાચો સ્વાદ અજ્ઞાનીજીવે કદી જાણ્યો નથી. મોક્ષસુખનું સ્વરૂપ ઓળખે તો પોતાને ભેદજ્ઞાન થઈને અપૂર્વ વીતરાગવિજ્ઞાન પ્રગટે, ને મોક્ષસુખનો નમુનો આવી જાય.

ભાઈ, તારી નિજશક્તિ અપાર છે, તે ઇચ્છા વડે રોકાઈ ગઈ છે; સ્વરૂપમાં ઠરતાં ઇચ્છા અટકે છે ને નિજશક્તિ ખીલે છે, એનું નામ નિર્જરા છે ને તે મોક્ષનું કારણ છે. સંપૂર્ણ નીરાકૂળ થતાં પૂર્ણ સુખરૂપ મોક્ષદશા પ્રગટે છે. ‘હુ જ્ઞાનાનંદ–

સ્વરૂપ આત્મા છું, પરમાં મારૂં સુખ નથી, શુભાશુભ ઇચ્છાઓ મારું સ્વરૂપ નથી. એવી ઓળખાણ વગર ઇચ્છાઓ કદી રોકાય નહિ ને આનંદ કદી પ્રગટે નહિ. ઇચ્છા વગરનો આત્માનો સુખસ્વભાવ તેના અનુભવથી જ સંવર–નિર્જરા–મોક્ષ થાય છે. અજ્ઞાની શુભરાગવડે કે દેહની ક્રિયાવડે સંવર–નિર્જરા–મોક્ષ થવાનું માને છે, તે ભૂલ છે.

મોક્ષના કારણરૂપ નિર્જરા સમ્યગ્દષ્ટિને જ થાય છે; બાકી અકામ–નિર્જરા તો અજ્ઞાનીનેય થાય છે, તેની આ વાત નથી. જ્ઞાન અને ઇચ્છા ભિન્ન છે, ઇચ્છા તે આત્મશાંતિથી વિરુદ્ધ છે, તેમાં આકુળતા છે. જેણે શુભરાગને મોક્ષનું સાધન માન્યું તેણે આકુળતાથી મોક્ષ માન્યો, નિરાકુળતારૂપ મોક્ષની તેને ખબર નથી. મોક્ષ તો સંપૂર્ણ નિરાકુળ છે; નિરાકુળતાનું કારણ પણ નિરાકુળભાવ જ હોય; કાંઈ આકુળતા તે નિરાકુળતાનું કારણ ન હોય. શુભઇચ્છા તે પણ આકુળતા છે. તેને મોક્ષનું કારણ માનતાં કારણ–કાર્યમાં વિપરીતતા થાય છે. આવી વિપરીતશ્રદ્ધા ને વિપરીતજ્ઞાન જીવને દુઃખનાં કારણ થાય છે; માટે તે છોડવા જોઈએ.

જીવ ઇચ્છા કરે અને પાછો તેમાં સુખ માને, તો તે ઇચ્છાને છોડીને શાંતસ્વભાવને ક્યારે અનુભવે? ઇચ્છા તો દુઃખ છે–‘ક્યા ઇચ્છત? ખોવત સબૈ, હૈ ઇચ્છા દુઃખમૂલ.’ અરે જીવ! તું તારા ચૈતન્યવૈભવને ભૂલ્યો ત્યારે તને પરમાંથી સુખ લેવાની ઇચ્છા થઈ. પણ ભાઈ, પરમાંથી સુખની ઇચ્છા કરતાં તારા સુખનો આખો ભંડાર ખોવાઈ જાય છે, ભૂલાઈ જાય છે, ને આત્મા દુઃખી થાય છે. પરમાં સુખ જ નથી, ચૈતન્યમાં જ સુખ છે–આમ સમજીને નિજસ્વરૂપમાં ઠરવું ને પરની ઇચ્છા રોકવી તે જ શાંતિ છે, તે જ નિર્જરા અને મોક્ષમાર્ગ છે.

જીવ–અજીવ વગેરે તત્ત્વને અજ્ઞાની ઓળખતો નથી, જાણે રૂપિયા વગર હું મરી જઈશ, શરીર વગર હું મરી જઈશ–એમ તે માને છે. અરે, પણ તું તો ચૈતન્યથી જીવનાર છોને! સંયોગથી ને શરીરથી તો તું જુદો છો, ને તે તરફની ઇચ્છા વગર પણ તું જીવનાર છો. પર વગર હું જીવી નહીં શકું–એવી મિથ્યાબુદ્ધિથી તું ભાવમરણનાં દુઃખ ભોગવી રહ્યો છે. આવી ભૂલ જીવ અનાદિથી કરી રહ્યો છે ને તેના ફળનું દુઃખ પણ અનાદિથી તે ભોગવી રહ્યો છે. ભૂલ ટાળીને સુખી થવા માટેનો આ ઉપદેશ છે.

પોતાના સ્વરૂપની સમ્યક્ શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન વગર, શુભરાગરૂપ વ્યવહારક્રિયાઓ અને વ્યવહારનાં જાણપણાં જીવે અનંતવાર કર્યા પણ તે બધા મિથ્યા છે;

મિથ્યાત્વપૂર્વક જીવ જે કાંઈ ભાવ કરે તે દુઃખદાયક જ છે. શ્રી બુદ્ધજનપંડિત પણ કહે છે કે–

**સમ્યક્ સહજ સ્વભાવ આપકા અનુભવ કરના,**
**યા વિન જપ-તપ વ્યર્થ કષ્ટ કે માંહી પડના;**
**કોટિ બાતકી બાત અરે! બુધજન ઉર ધરના,**
**મનવચતન શુચિ હોય ગ્રહો જિનવૃષકા શરના.**

કરોડો વાતોનો સાર એ છે કે આત્માના સહજસ્વભાવનો અનુભવ કરવો; એના વગરનું બધું વ્યર્થ છે.

જુઓ, સમયસાર વગેરે મહાન શાસ્ત્રોમાં તો આ વાત છે જ; પણ અગાઉના પંડિતોએ પણ એ જ વાત કરી છે. તે પંડિતોનું કથન પણ આચાર્યો–અનુસાર જ છે, તેમાં વીતરાગવિજ્ઞાનનું જ પોષણ છે. ચૈતન્યનું વીતરાગ–વિજ્ઞાન તે સુખરૂપ છે; ને એવા વીતરાગવિજ્ઞાનરૂપ ધર્મને સાધીસાધીને અનાદિકાળથી જીવો મુક્ત થતા આવે છે. વીતરાગવિજ્ઞાનવંત જીવો જગતમાં સદાકાળ હોય જ છે.

આત્માને આનંદ જોઈએ છે ને?–હા! તો તે આનંદ ક્યાંય બહારમાં નથી, આત્મામાં જ આનંદ છે. માટે જ્ઞાની કહે છે કે ‘હે જીવ! તું આત્મામાં ગમાડ....આત્મામાં સદા પ્રીતિવંત થા.’ આત્માના જ્ઞાન વગરનું બધું દુઃખદાયક જ છે. સાત તત્ત્વોની બરાબર ઓળખાણ કરતાં તેમાં આત્માની ઓળખાણ આવી જાય છે.

( ૧ ) જીવ સદા ઉપયોગ લક્ષણરૂપ છે– ‘ जीवो उवओगलक्खणो णिच्चं ’ તે શરીરાદિ અજીવથી જુદું તત્ત્વ છે.

( ૨ ) પુદ્ગલ વગેરે અજીવતત્ત્વો છે, તેમનામાં જ્ઞાન નથી. આ જીવ અને અજીવ બંનેનાં કામ જુદાં, પોતપોતામાં છે.

( ૩ ) મિથ્યાત્વાદિ ભાવો છે તે આસ્ત્રવ છે; પુણ્ય–પાપ બંને પણ આસ્રવમાં સમાય છે. તે આસ્ત્રવભાવો જીવને દુઃખદાયક છે.

( ૪ ) સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવવડે કર્મનો સંવર થાય છે. તે સમ્યગ્દર્શનાદિ ભાવો જીવને સુખરૂપ છે, મોક્ષનાં કારણ છે.

( ૫ ) મિથ્યાત્વાદિ ભાવો તે બંધના કારણ છે; શુભરાગ તે પણ બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

( ૬ ) સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતાથી કર્મોની નિર્જરા થાય છે.

( ૭ ) આત્માની પૂર્ણ શુદ્ધતા થતાં આકુળતાનો સર્વથા અભાવ થવો ને કર્મોથી આત્માનું છૂટી જવું તે મોક્ષતત્ત્વ છે. તે પૂર્ણ સુખરૂપ છે.

આ પ્રમાણે સાત તત્ત્વોને ઓળખીને તેમાંથી સમ્યગ્દર્શનાદિ સુખનાં કારણોને ગ્રહણ કરવાં ને દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિને છોડવાં, તે માટે આ ઉપદેશ છે. આવી યથાર્થ તત્ત્વશ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, ને સમ્યગ્દર્શન તે મોક્ષનું મૂળ છે.

અજ્ઞાની જીવ બહારની અનુકૂળતાથી પોતાને સુખી માને છે, પણ સમ્યગ્દર્શન વગર તે દુઃખી જ છે. કીડી સાકર ખાતી હોય તે વખતે દુઃખી છે, માણસ કેરીનો રસ–રોટલી ને પતરવેલિયાં ખાતો હોય તે વખતેય દુઃખી છે, સ્વર્ગના મિથ્યાદ્રષ્ટિ દેવો અમૃતનો સ્વાદ લેતા હોય તે વખતે પણ દુઃખને જ વેદી રહ્યા છે; પણ તે જીવો ભ્રમથી પોતાને સુખી માને છે. અરે ભાઈ, એ તો અશુભ ઇચ્છા છે, પાપ છે, આકુળતા છે, તેમાં દુઃખનું જ વેદન છે. મોઢામાં કેરીનો રસ પડયો હોય તે વખતે દુઃખનો જ સ્વાદ આવે છે, કેરીનો નહીં. એ તો અશુભની વાત થઈ, પણ શુભપરિણામ હોય, શુક્લલેશ્યા હોય તે વખતેય અજ્ઞાની જીવો દુઃખી જ છે. જ્યાં સુખ ભર્યું છે તે વસ્તુની તો તેને ખબર નથી. મોક્ષમાં આકુળતા વગરનું સુખ છે, ત્યાં કોઈ વિષયોની ઇચ્છા નથી.

'મોક્ષમાં રસ–રોટલી વગેરે તો નથી!' પણ શેનાં હોય? ત્યાં ક્યાં આકુળતા છે? જ્યાં ખાવાની ઇચ્છા જ નથી ત્યાં ખોરાકનું શું કામ છે? જ્યાં આત્મામાંથી જ સુખ અનુભવાય છે ત્યાં બાહ્ય વિષયોનું શું કામ છે? જ્યાં આત્માના સહજસુખમાં જ લીનતા છે ત્યાં બાહ્યપદાર્થોની ઇચ્છા કેમ હોય? સુખ તો આત્મામાંથી આવે છે, કાંઈ બાહ્યવસ્તુમાંથી નથી આવતું. બાહ્ય પદાર્થને ભોગવવા કોણ ઇચ્છે?–કે જે ઇચ્છાથી દુઃખી હોય તે. જે સ્વયં સુખી હોય તે બીજા પદાર્થને કેમ ઇચ્છે? જે નીરોગ હોય તે દવાને કેમ ઇચ્છે? મુક્ત જીવોને જગતના બધા પદાર્થોનું જ્ઞાન છે પણ કોઈની ઇચ્છા નથી; ઇચ્છા નથી માટે દુઃખ નથી, પોતાના ચૈતન્યસુખના વેદનમાં જ તેઓ લીન છે.–આવી મોક્ષદશાને ઓળખે તો આત્માના સ્વભાવનું જ્ઞાન થઈ જાય, રાગમાંથી ને વિષયોમાંથી સુખબુદ્ધિ ઊડી જાય ને તેનાથી ભિન્નતાનું ભાન થાય.–આનું નામ વીતરાગવિજ્ઞાન.

જેને આવું વીતરાગવિજ્ઞાન નથી, વિષયોમાં ને રાગમાં જેને સુખ લાગે છે, તેને

ખરેખર મોક્ષ જોઈતો જ નથી, મોક્ષને તે ઓળખતો જ નથી, તે તો મૂઢતાથી રાગને વિષયોને જ ઇચ્છે છે. અહો! મોક્ષ એ તો પરમ આનંદ છે, જગતના કોઈ પદાર્થની જેને અપેક્ષા નથી, એકલા આત્મામાંથી પ્રગટેલો પૂર્ણ આનંદ છે. જ્ઞાની તેની ભાવના ભાવે છે કે–

**સાદિઅનંત અનંત સમાધિસુખમાં,**
**અનંત દર્શન જ્ઞાનઅનંત સહિત જો...**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**

અજ્ઞાનીને તો આવા મોક્ષની ખબર પણ નથી, એટલે અજ્ઞાનથી તે મોક્ષને બદલે રાગની ભાવના ભાવે છે. (–અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે, હેતુ જે સંસારનો.) મોક્ષમાં રાગ વગરની પૂર્ણ શાન્તિ છે; અહીં પણ રાગનો જેટલો અભાવ થયો તેટલી જ શાંતિ છે, કાંઈ બાહ્યપદાર્થોના ભોગવટામાંથી શાંતિ નથી આવતી; બાહ્યપદાર્થો જડ અને પર છે, તેની ઇચ્છા તે દુઃખ છે; 'સુખ' માં કોઈની ઇચ્છા હોતી નથી, સુખ તો આત્માનો સ્વભાવ છે. આવું પૂર્ણ સુખ તે મોક્ષ છે.

મોક્ષમાં સિદ્ધભગવાન શું કરે?–તે સદાકાળ પોતાના આનંદને ભોગવે. તે પરનું કાંઈ જ ન કરે? ના; તો, અજ્ઞાની કહે છે કે 'અમારું કાંઈ ન કરે એવા સિદ્ધભગવાન અમારે શું કામના? એવા સિદ્ધ અમારે જોઈતા નથી; એટલે કે મોક્ષ જ એને જોઈતો નથી. એને તો પરની કર્તૃત્વબુદ્ધિના મિથ્યાત્વમાં રખડવું છે. અરે ભાઈ! અહીં તું પણ શું કરે છે? પરનું તો તું પણ કરી શકતો નથી, તું માત્ર તારામાં રાગ અને અજ્ઞાન કરીને દુઃખ ભોગવે છે; તે સંસાર છે; સિદ્ધભગવંતો વીતરાગ–વિજ્ઞાન વડે પરમસુખ ભોગવે છે, તેઓ નિજાનંદને ભોગવે છે ને આકુળતા જરાય કરતા નથી, તે મોક્ષ છે. સિદ્ધભગવંતોને સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા છે તેથી પૂર્ણ સુખ છે, સાધકને પણ જેટલી સ્વરૂપમાં સ્થિરતા થાય તેટલું સુખ છે. અજ્ઞાનીને તો સ્વરૂપની ખબર જ નથી એટલે રાગાદિ પરભાવમાં સ્થિરતાવડે તે દુઃખી છે; મોક્ષસુખ કેવું હોય તેને તે ઓળખતો પણ નથી. જ્ઞાની જ રાગથી ભિન્ન અતીન્દ્રિય ચૈતન્યસુખરૂપ મોક્ષના સ્વાદને જાણીને તેને સાધે છે. સિદ્ધભગવાન વગેરેની પણ ખરી ઓળખાણ તેને જ છે.

# 卐 સમ્યગ્દ્રષ્ટિનું અદ્‌ભુત પરાક્રમ 卐

**સ્વભાવની શ્રદ્ધાનું એવું મહાન બળ છે કે કોઈ પણ પ્રસંગે ભયભીત થઈને તેઓ આત્મબોધથી ચલિત થતા નથી.**

સમ્યગ્દ્રષ્ટિની આત્મદશા એવી અદ્‌ભુત હોય છે કે વજ્ર પડે ને ત્રણેલોક ભયથી ખળભળી ઊઠે તોપણ તેને પોતાના આત્મસ્વરૂપમાં શંકા થતી નથી; નિઃશંક અને નિર્ભયપણે તે પોતાને જ્ઞાનસ્વરૂપે જ વેદે છે. વજ્ર વગેરે પડવાથી મારા સ્વરૂપનો નાશ થઈ જશે–એવો કોઈ ભય તેને થતો નથી. સ્વભાવની શ્રદ્ધામાં નિઃશંકતાનું કોઈ અપાર સામર્થ્ય છે. આવું અદ્‌ભુત પરાક્રમ સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. આવા સમ્યગ્દ્રષ્ટિનું અદ્‌ભુત–સ્વરૂપ આચાર્યદેવ સમયસારના ૧૫૪ મા કળશમાં સમજાવે છે–

સમ્યગ્દ્રષ્ટિની જ્ઞાન–વૈરાગ્યશક્તિ કોઈ અલૌકિક હોય છે. સ્વભાવની નિઃશંકતાને લીધે તેમને અત્યંત નિર્ભયતા હોય છે. જેના ભયથી ત્રણલોક ખળભળી જાય એવો વજ્રપાત થાય તોપણ સમ્યગ્દ્રષ્ટિ પોતાના જ્ઞાનસ્વરૂપને અવધ્ય જાણે છે, એટલે મારો નાશ થઈ જશે એવી કોઈ શંકા કે ભય તેને થતો નથી. ભલે, બહારથી કદાચ સિંહ વગેરેને દેખીને ભાગી જતા દેખાય, છતાં તે વખતેય પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધામાં તો જ્ઞાની નિઃશંક અને નિર્ભય જ છે. અને અજ્ઞાની કદાચ સિંહ વગેરેને દેખીને ન ભાગે, છતાં અંદર પોતાના ભિન્ન જ્ઞાનસ્વરૂપનું વેદન તેને ન હોવાથી તે વખતે પણ તે શંકા અને ભયમાં જ વર્તી રહ્યો છે. રાગ વગર અને સંયોગ વગર જાણે મારું ચેતનસ્વરૂપ નહિ ટકે–એવો ભય અને શંકા તેને રહ્યા જ કરે છે. જ્યારે જ્ઞાની તો સદાય નિઃશંક છે કે રાગ અને સંયોગ વગર જ મારા ચેતનસ્વરૂપથી હું સદા ટકનારો છું; મારા ચેતનસ્વરૂપનો નાશ કરવા જગતમાં કોઈ સમર્થ નથી.– આવી નિઃશંકતાને લીધે જ્ઞાનીને સદા નિર્ભયતા છે, તેને મરણ વગેરેનો ભય હોતો નથી. જ્ઞાનનું મરણ જ નથી પછી મરણનો ભય કેવો ?–આવું નિર્ભયપણું સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. ગમે તેવા શુભાશુભ પ્રસંગ આવે, કે અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ આવે પણ જ્ઞાની તો પોતાને તે બધાથી

અત્યંત જુદા જ્ઞાનરૂપે જ અનુભવતા થકા જ્ઞાનરૂપે જ પરિણમે છે–આ જ મોક્ષનો પુરુષાર્થ છે; આ જ સમ્યગ્દ્રષ્ટિનું અદ્‌ભુત પરાક્રમ છે.

મારો જ્ઞાનસ્વભાવ પોતાથી જ ટકનારો શાશ્વત છે, આવા અનુભવને લીધે સ્વભાવથી જ જ્ઞાની નિર્ભય છે. વજ્ર પડે કે ગમે તે થાય, પણ જે વસ્તુ અનુભવમાં આવી તેનાથી જ્ઞાની ચલિત થાય નહિ; તેને ભય ન થાય કે અરે, મારો નાશ થઈ જશે!–કે પ્રતિકૂળતાની ભીંસમાં મારા શ્રદ્ધા–જ્ઞાન ભીંસાઈ જશે! નિર્ભયપણે તે પોતાના જ્ઞાનસ્વરૂપને શ્રદ્ધે છે–જાણે છે–વેદે છે. આત્મવસ્તુ પોતે સ્વભાવથી જ નિર્ભય છે, કોઈથી નાશ ન થઈ શકે એવો શાશ્વત જ્ઞાનસ્વભાવ છે; આવા સ્વભાવના અનુભવને લીધે ધર્મીને આત્મામાં સમસ્ત શંકાનો અભાવ છે, એટલે ભયનો અભાવ છે. બહારની અનુકૂળતા કે પ્રતિકૂળતા જ્ઞાનસ્વભાવમાં ક્યાં છે? તે અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો જ્ઞાનને અડતા જ નથી. અને શુભ–અશુભ રાગાદિ પણ જ્ઞાનસ્વભાવને અડતા નથી. આવા સ્વભાવપણે પોતાને અનુભવ્યો ત્યાં જ્ઞાનીને સહજ નિર્ભયતા હોય છે. પ્રતિકૂળતાના ભયથી કદાચ સ્વર્ગના દેવો પણ ભયભીત થઈને ડગી જાય, તોપણ ધર્મીજીવ પોતાના સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાનથી ડગે નહિ, શંકા કરે નહિ, ભય પામે નહિ–કે અરે, મારો નાશ થઈ જશે! કે પ્રતિકૂળતાથી મારા શ્રદ્ધા–જ્ઞાન હણાઈ જશે! સ્વભાવથી જ નિઃશંક વર્તતા ધર્મી પોતે પોતાને સ્વયંરક્ષિત જ્ઞાનશરીરી જાણે છે, જ્ઞાન જ મારું શરીર છે, તે કોઈથી હણી શકાતું નથી. જડ શરીર કાંઈ મારું નથી. આવા જ્ઞાનસ્વરૂપના વેદનથી ધર્મીજીવ કદી ચ્યુત થતા નથી,

પ્રતિકૂળયોગ, દુષ્કાળ, નિંદા, રોગ વગેરેથી દુનિયા ખળભળી જાય–પણ તેથી જ્ઞાનને શું? જ્ઞાનમાં પ્રતિકૂળતા ક્યાં છે? કોઈક આળ નાંખે તેથી જ્ઞાનમાં ક્યાં આળ આવી જાય છે? હું ક્યાં જઈશ? મારા જ્ઞાનનું શું થશે? એવી શંકારૂપ ભય જ્ઞાનીને નથી; બહારથી કદાચ ભાગે, રૂએ,–પણ તે જ વખતે જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા–જ્ઞાનથી જરાય ડગતા નથી, તેમાં શંકા કરતા નથી, જ્ઞાનના નાશનો ભય કરતા નથી. અરે, જ્ઞાનીના શ્રદ્ધા–જ્ઞાનની અચિંત્ય તાકાત! તેની જગતને ખબર નથી.

મારો આત્મા શાશ્વત ચૈતન્યઘન, તેના એક પણ પ્રદેશને કોઈ ખંડિત કરી શકે નહિ; જ્ઞાનસ્વભાવનો નાશ કોઈથી થઈ શકે નહિ તેમ તે સ્વભાવના આશ્રયે જે શ્રદ્ધા–જ્ઞાન–આનંદ થયા તેને પણ કોઈ નાશ કરી શકે નહિ. એટલે જ્ઞાનીને સહજ નિર્ભય–

પણું છે. જ્ઞાનની રક્ષા માટે કોઈ ઉપાય કરવો પડતો નથી, કેમકે સહજ સ્વભાવથી જ મારું જ્ઞાન શાશ્વત છે, તે કોઈથી હણાય તેવું નથી.

શ્રેણીક રાજાએ છેલ્લા વખતે આપઘાત કર્યો–પણ તે વખતેય અંદરમાં સ્વભાવની શ્રદ્ધા વર્તે છે તેનો ઘાત થયો નથી, ક્ષાયિકસમ્યગ્દર્શન તે વખતેય વર્તે છે; સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાનમાં તે વખતેય નિઃશંક અને નિર્ભય વર્તે છે. ધર્મીની આવી અદ્‌ભુત દશા બહારથી ઓળખાય નહિ. અજ્ઞાની બહારથી લડાઈ વગેરેમાં નિર્ભય દેખાય, પણ અંદર ચૈતન્યના ભાન વગર સાચી નિર્ભયતા હોય નહિ. શરીરનો નાશ થતાં આત્માનો નાશ થશે–એવી દેહબુદ્ધિ છે તે જ મોટો ભય છે. દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ જેણે જાણ્યું તે સમ્યગ્દૃષ્ટિ જગતના ગમે તેવા ખળભળાટ વચ્ચે પણ સ્વભાવમાં નિર્ભય વર્તે છે...આખી દુનિયા ભલે ડુબી જાય પણ તે ધર્મી પોતાના સ્વભાવથી ડોલે નહિ...આવું અદ્‌ભુત પરાક્રમ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે.

શ્રીકૃષ્ણ ધર્માત્મા હતા, આત્માનું ભાન હતું; મહા પુણ્યવંત ત્રણખંડના ધણી અર્ધ–ચક્રવર્તી હતા; હજારો દેવો તેમની સેવા કરતા હતા. દ્વારકાનગરી દેવોએ રચી દીધી હતી. પણ જ્યાં પુણ્ય ફર્યા ને દ્વારકાનગરી ભડભડ બળવા માંડી ત્યારે શ્રીકૃષ્ણ અને બળભદ્ર જેવા મહાન જોદ્ધા પણ તેને બચાવી શક્યા નહિ, અરે! પોતાના મા–બાપ અગ્નિમાં ભડભડ બળતા હતા તેને પણ બહાર કાઢી શક્યા નહિ; સેવા કરનારા કોઈ દેવો પણ તે વખતે ન આવ્યા. છમહિના સુધી દ્વારકાનગરી સળગતી હતી; અનેક જીવો તેમાં બળી ગયા. શ્રીકૃષ્ણ બળભદ્રના ખભે માથું નાખીને રડે છે; છતાં તે વખતેય અંદરમાં ચિદાનંદ તત્ત્વના શ્રદ્ધા–જ્ઞાનમાં તો અત્યંત નિઃશંક અને નિર્ભય જ વર્તે છે; તે શ્રદ્ધા જ્ઞાન બળ્યા નથી, તેને ઊની આંચ પણ આવી નથી. દ્વારકા ભલે બળી ગઈ પણ મારું જ્ઞાન બળ્યું નથી, તે અવધ્ય છે, તેને કોઈ બાળી શકે નહિ, હણી શકે નહિ. ગમે તેવા શુભ–અશુભ કર્મના ઉદય વખતે પણ ધર્મી પોતાના જ્ઞાન–આનંદરૂપે જ પરિણમે છે; શુભાશુભ પરિણામ હર્ષ–શોક થાય છતાં જ્ઞાનને તો તેનાથી જુદું જ વેદે છે. જ્ઞાનીની આ કોઈ અદ્‌ભુત અચિંત્ય તાકાત છે; તેને અજ્ઞાની ઓળખી શકે નહિ. અરે, જ્ઞાન તે કોને કહેવાય? એ તે કાંઈ સંયોગથી કે રાગથી ચલિત થઈ જતું હશે?–ના; સંયોગથી ને રાગાદિ ભાવોથી જુદું જ રહેતું જ્ઞાન પોતાના ચૈતન્યસ્વભાવમાં જ અચલ રહે છે, 'હું આનંદમય ચૈતન્યતત્ત્વ છું' એવા શ્રદ્ધા–જ્ઞાનથી તે જરાપણ ડગતું નથી. તેનું જ્ઞાન સદાય આનંદને જ વેદે છે.

સમવસરણની વચ્ચે બેઠો હોય કે સાતમી નરકમાં હોય, સમ્યગ્દષ્ટિ પોતાને જ્ઞાનસ્વરૂપે જ અનુભવે છે. હજારો વીંછીના ઝેરી ડંખની વેદના વચ્ચે પણ સમ્યગ્દષ્ટિ એવા સાહસિક છે કે પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપથી જરાય ડગતા નથી, તે વખતેય અંદર જ્ઞાન–સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન વડે સ્વરૂપની શાંતિને વેદે છે. અસાતાના ઉદયથી તેનું જ્ઞાન છૂટું ને છૂટું વર્તે છે. જરાક રાગ–દ્વેષ છે, દુઃખ છે પણ જ્ઞાનસ્વભાવની શ્રદ્ધામાં તેને અડવા દેતા નથી. તેમજ હજારો દેવો ખમા–ખમા કરતા હોય, –સાતાની બધી અનુકૂળ સામગ્રી હોય, છતાં તે સાતાના ઉદયનેય ધર્મીજીવ જ્ઞાનમાં અડવા દેતા નથી, જ્ઞાનને તેનાથી છૂટેછૂટું જ અનુભવે છે. લાખો વીંછી કરડે, કે કરોડો દેવો સેવા કરે તેથી જ્ઞાનને શું? સમ્યગ્દષ્ટિ તો જ્ઞાનપણે જ પોતાને વેદે છે, જ્ઞાન સાથે આનંદનું–શાંતિનું વેદન વર્તે છે. –ધર્મીની આવી અદ્‌ભુત જ્ઞાનદશા છે તે નિર્જરાનું જ કારણ છે.

જેનાથી મોટા મોટા પર્વતના ચુરેચૂરા થઈ જાય, એવો વજ્રપાત પોતાના શરીર ઉપર થાય તોપણ ધર્મીજીવ પોતાના જ્ઞાનસ્વરૂપથી ચલાયમાન થતો નથી. વિભાવ અને સ્વભાવ બંનેને ભિન્ન જ જાણે છે, ને પોતે પોતાના સ્વભાવમાં નિઃશંક રહીને જ્ઞાનભાવપણે જ પોતાને અનુભવે છે. રાગ અને શરીર મારામાં છે જ નહિ, એટલે તેના ફેરફારે મારું જ્ઞાન અન્યથા થઈ જતું નથી. –આવી શ્રદ્ધાના બળે ધર્મીનું જ્ઞાન રાગમાં એકત્વ રૂપ થતું નથી, ત્યાં સંયોગની વાત ક્યાં રહી? જગતના કોઈ વજ્રપાતમાં એવી તાકાત નથી કે જ્ઞાનસ્વરૂપ એવા મારો નાશ કરી શકે. શરીરનો નાશ થાય તે તો તેનો સ્વભાવ છે, પણ કાંઈ તેના નાશે મારો નાશ થઈ જતો નથી. અહો. હું તો શુદ્ધ આનંદકંદ છું.–આવી વેદનાસહિત પ્રતીત ધર્મીને સદાય વર્તે છે. તેથી કુંદકુંદસ્વામી કહે છે કે–

**સમ્યક્ત્વવંત જીવો નિઃશંક્તિ તેથી છે નિર્ભય અને,**

**છે સપ્ત ભય પ્રવિમુક્ત જેથી તેથી તે નિઃશંક છે.**

રાગ વગરની પોતાની જ્ઞાનચેતનાને જેણે આનંદસહિત અનુભવી છે એવા ધર્માત્માને કોઈ કર્મફળ પ્રત્યે અભિલાષા નથી, તેમાં પોતાપણાની બુદ્ધિ નથી; કર્મફળ–ચેતનાથી જુદી એવી જ્ઞાનચેતનારૂપે જ તે પોતાને અનુભવે છે. બહારના સંયોગ સારા હોય તો મારા શ્રદ્ધા–જ્ઞાન ટકે એવી બુદ્ધિ ધર્મીને નથી. આ પ્રતિકૂળતા તો કેટલોક કાળ રહશે! હમણાં તે મટીને અનુકૂળતા આવશે ને મને ઠીક પડશે–એવી સંયોગબુદ્ધિ ધર્મીને નથી. કોઈ ધર્મીને ખ્યાલ આવે કે મને તીર્થંકરપ્રકૃતિ બંધાશે ને હું તીર્થંકર થઈશ,–પણ ત્યાં ધર્મીને તે તીર્થંકરપ્રકૃતિના કર્મફળની ભાવના નથી,

તેમાં આત્મબુદ્ધિ જરાય નથી, તે તો કર્મપ્રકૃતિ અને તેના ફળથી જુદી એવી જ્ઞાન–ચેતનાસ્વરૂપે જ પોતાના આત્માને નિરંતર દેખે છે. અહા, ધર્મીના પંથ જગતથી જુદા છે. ધર્મી જે પંથે ગયો તે પંથ તો સંસારથી છૂટકો કરીને પૂર્ણતા સુધી પહોંચાડે ને મોક્ષ પમાડે એવો છે, તેમાં વચ્ચે કોઈ વિઘ્ન કરે કે સંયોગ નડે–એમ છે નહીં. અહો, આવા આત્માને જાણનાર ધર્મી શુભ–અશુભ બધા કર્મોથી ને બધા કર્મફળથી અત્યંત નિરપેક્ષ વર્તે છે. મારા જ્ઞાનમાં બીજા કોઈની અપેક્ષા નથી. મારું જ્ઞાન સંયોગની ભીંસમાં ભીંસાઈ જાય એવું નથી. અને જે મારું નથી તેમાં (શરીરાદિમાં) કાંઈ થાય તેથી મને શું? જે મારું છે તેમાં તો સંયોગની કાંઈ અસર થતી નથી. –આમ ધર્મીએ દ્રષ્ટિને પોતાના સ્વતત્ત્વમાં સંકેલી દીધી છે. બધેથી દ્રષ્ટિ ઊઠાવીને એક જ્ઞાનમય સ્વતત્ત્વમાં જ દ્રષ્ટિ જોડી છે. એવી દ્રષ્ટિમાં ધર્મીને કોઈ વિઘ્ન નથી. ઉદયથી પણ છૂટો જ વર્તતો તે ઉદયની નિર્જરા કરી નાંખે છે. –સમ્યગ્દ્રષ્ટિની આવી અદ્ભુત દશા છે. અરે, જેણે ચૈતન્યના અમૃતના સ્વાદ ચાખ્યા એને બહારના બીજા ક્યા પદાર્થની ભાવના હોય? બધેથી એને સુખબુદ્ધિ ઊડી ગઈ છે. અસ્થિરતાનો જે રાગ છે તે ચૈતન્યની દ્રષ્ટિને નુકશાન કરી શકતો નથી. ધર્મીજીવ પોતાના ચૈતન્યસ્વભાવમાં અત્યંત દારુણ નિશ્ચયવાળા હોય છે, કોઈ તેને ડગાવી શકતું નથી. આખા જગતથી જુદો હું એકલો છું, મારા સુખથી બધી સાધનસામગ્રી મારા આત્મામાં છે, તેમાં બીજા કોઈની અપેક્ષા મને નથી–આમ આત્માનો વિશ્વાસ ધર્મીને અનુભવમાં આવ્યો છે. પોતાનો ચૈતન્યદરબાર તેણે જોયો છે, ચૈતન્યદરબારમાં પ્રભુના ભેટા તેને થયા છે; તેથી રાગ–સંયોગ બધા પ્રત્યે તે નિરપેક્ષ થઈ ગયા છે, તેને કોઈ ભય નથી, શંકા નથી. નિઃશંક અને નિર્ભયપણે આત્મસ્વરૂપમાં વર્તતો તે જ્ઞાનને વેદે છે–આનંદને વેદે છે. આવા જ્ઞાનના વેદનવડે નિર્જરા કરીને તે મોક્ષને સાધે છે.

સમકિતી-ધર્માત્મા જાણે છે કે અમારા ચૈતન્યના અતીન્દ્રિય સ્વાદ પાસે આખા જગતનો વૈભવ તૂચ્છ છે.... ચૈતન્યનો રસ અત્યંત મધુર...અત્યંત શાં... ત... અત્યંત નિર્વિકાર... એના સંવેદનથી એવી તૃપ્તિ થાય કે જગત આખાનો રસ ઊડી જાય. સાધકહૃદયના ગંભીરભાવો ઓળખવાનું સાધારણ જીવોને મુશ્કેલ પડે તેવું છે.

# ધર્માત્મા જ્ઞાની શું કરે છે?

**જ્ઞાનીની જ્ઞાનદશા કેવી અદ્‌ભુત હોય છે,-ને તેનું જ્ઞાન શું કરે છે?-રાગ કરે છે કે આનંદ કરે છે? તે અહીં સમજાવ્યું છે. જ્ઞાન અને રાગનું સર્વ પ્રકારે પૃથક્કરણ કરીને જ્ઞાનીની અદ્‌ભુત દશા ઓળખાવી છે.**

[ સમયસાર કળશ ૧૫૩ ]

જેને સમ્યગ્દર્શન–જ્ઞાન નથી એટલે કે આત્માના સાચા આનંદનો સ્વાદ જેને નથી તે અજ્ઞાની જીવ શુભ–અશુભ કર્મને કરે છે અને તેના ફળની વાંછા કરે છે. અજ્ઞાનીને આત્માનો તો અનુભવ નથી એટલે તે વ્રતાદિ જે કાંઈ કરે છે તે કર્મફળની વાંછાથી જ કરે છે. સીધી રીતે સંસાર–ભોગને ભલે ન વાંછે, રાજપાટને છોડીને સાધુ થાય ને શુભરાગ કરે, પણ તે રાગમાં અને તેના ફળમાં જ અટક્યો છે કે આનાથી મને કાંઈક લાભ થશે. રાગનો જ તેને અનુભવ છે, રાગથી જુદા ચૈતન્યનો અનુભવ તેને નથી; એટલે તેને તો ચારગતિનું જ ફળ મળે છે, મોક્ષસુખનો સ્વાદ સમ્યગ્દર્શન વગર આવતો નથી.

મિથ્યાદ્રષ્ટિની બધી ક્રિયાઓ (શુભ કે અશુભ) સંસારને માટે સફળ છે, ને મોક્ષને માટે નિષ્ફળ છે, કેમકે તે અજ્ઞાનક્રિયા છે.

અને સમ્યગ્દ્રષ્ટિની જે જ્ઞાનક્રિયા છે,–સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વીતરાગી ક્રિયા છે તે સંસારફળ (સ્વર્ગાદિ) દેનારી નથી પણ મોક્ષફળ દેનારી છે. અરે બાપુ! તારા આત્માની ધર્મક્રિયા કેવી છે તેને પણ તું ઓળખતો નથી, ને સંસારના કારણરૂપ રાગક્રિયાને તેં ધર્મક્રિયા માની લીધી છે. રાગથી જુદા ચૈતન્યનો વીતરાગી સ્વાદ ધર્મીને આવ્યો છે, તે ધર્મી રાગાદિની ક્રિયાને પોતાના જ્ઞાનસ્વભાવથી જુદી જાણે છે અને તેથી તે રાગાદિના ફળની પણ વાંછા તેને નથી, આ ક્રિયાઓનું ફળ મને કંઈક સુખનું કારણ થશે કે મોક્ષનું સાધન થશે–એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી.

ધર્મી જો રાગના ફળને વાંછતો નથી તો તે રાગને શા માટે કરે છે? એમ પ્રશ્ન ઊઠે તો તેનું સમાધાન કરતાં આચાર્યદેવ (૧૫૩મા કળશમાં) કહે છે કે–અરે જીવ! જ્ઞાની રાગ કરે છે એમ તને તારી અજ્ઞાનદ્રષ્ટિથી જ દેખાય છે; ખરેખર જ્ઞાની જ્ઞાનભાવપણે જ પરિણમતા થકા જ્ઞાનના જ કર્તા છે, તે જ્ઞાનપરિણમનમાં રગનું કર્તુત્વ જરા પણ નથી. જ્ઞાનપરિણમનમાં આનંદની જ ધારા વહે છે. આવા જ્ઞાની રાગ કરે છે કે નથી કરતા–એ તને જ્ઞાન વગર ક્યાંથી ખબર પડશે? જ્ઞાની શું કરે છે! તેના અંતરની અજ્ઞાનીને ખબર પડે નહિ. અહા, ચૈતન્યનો સમુદ્ર ઉલ્લસીને જેની પર્યાયમાં આનંદની ભરતી આવી છે, જેણે રાગાદિભાવોને ચૈતન્યસમુદ્રથી બાહ્ય જાણ્યા છે–એવા જ્ઞાની રાગને જરાપણ કરે એમ અમે તો દેખતા નથી. જ્ઞાનીમાં અમને તો અતીન્દ્રિય જ્ઞાન ને આનંદની જ ધારા ઊછળતી દેખાય છે; રાગ તો જ્ઞાનથી બહાર દેખાય છે; તે રાગનું કર્તૃત્વ જ્ઞાનીના જ્ઞાનમાં નથી.–પણ આવી ભિન્નતાને જ્ઞાની જ ઓળખી શકે છે. અહા, જ્ઞાનીની જ્ઞાનદશામાં તો અતીન્દ્રિય આનંદના અનુભવનો સિક્કો લાગી ગયો છે; એ આનંદમાં હવે રાગ કેવો? સુખના વેદનમાં દુઃખનું કર્તૃત્વ કેવું? આત્માનો આવો સ્વાદ આવે ત્યારે જીવ ધર્મી થયો કહેવાય, ત્યારે તે જ્ઞાની થયો, ત્યારે તે સાચો જૈન થયો, ને ત્યારે જ તે ખરેખર વીતરાગ ભગવાનના માર્ગમાં આવ્યો. ચોથા ગુણસ્થાને ગૃહસ્થને પણ આત્માના આવા આનંદનો અનુભવ હોય છે.–આવા ધર્મીજીવ પોતાના જ્ઞાનને રાગાદિથી અત્યંત જાુદું જ જાણે છે, તે હવે કર્તા થઈને રાગને કરે કે રાગના ફળને ભોગવે–એમ પ્રતીત કરી શકાતી નથી. ત્યાં અવશપણે જે રાગાદિ થઈ જાય છે, તે કાંઈ જ્ઞાનનો દોષ નથી, જ્ઞાન કાંઈ તેનું કર્તા નથી. જ્ઞાન અને રાગ સાધકની દશામાં એકસાથે હોય તેથી કાંઈ તેમને કર્તા–કર્મપણું થઈ જતું નથી. બંને સાથે રહેવામાં વિરોધ નથી, છતાં તેમાં જ્ઞાન તો મોક્ષનું જ કારણ છે, ને રાગ તે બંધનું કારણ છે.–આમ જ્ઞાનીના વેદનમાં બંનેની અત્યંત ભિન્નતા સદાય વર્તે છે.

આવા ભેદજ્ઞાન પછી ઘણા ગાઢ આનંદમય સ્વસંવેદનથી મુનિદશા પ્રગટે છે. ભેદજ્ઞાન વગર એકલા દ્રવ્યલિંગરૂપ મુનિપણું તો અનંતવાર અજ્ઞાની જીવે પાળ્યું, પણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવલિંગ કદી તેણે પ્રગટ કર્યું નથી. ભાવલિંગ એકજીવને વધુમાં વધુ ૩૨ વખત આવે,–પછી તે જરૂર મોક્ષ પામે. દ્રવ્યલિંગ તો ઘણા જીવોએ અનંતવાર ધારણ કર્યું ને અનંતવાર નવમી ગ્રૈવેયક સુધી ગયા,–પણ તેને સમ્યગ્દર્શન વગર મોક્ષનું સાધન જરાપણ ન પ્રગટયું, તે સુખ જરાપણ ન પામ્યો;

દ્રવ્યલિંગ ધારીને પણ એકલું દુઃખ જ પામ્યો. અંતરમાં સર્વે વિભાવથી પાર જે આનંદઝરતું ચૈતન્યતત્ત્વ બિરાજી રહ્યું છે તેના અનુભવ વગર મોક્ષનો માર્ગ ઊઘડે નહિ, ને રાગના ફળની વાંછા મટે નહિ. અરે, એકવાર તો રાગથી પાર તારા ચૈતન્યસુખને લક્ષમાં લે; એનો સ્વાદ આવતાં જ આખી દુનિયા અને બધા રાગાદિભાવો તને અત્યંત નીરસ લાગશે; ને ચૈતન્યનો કોઈ અપાર–અદ્ભુત મહિમા તને પોતામાં અનુભવાશે,–સંતોએ પરમાગમમાં જેનો અપાર મહિમા ગાયો તે પરમ તત્ત્વ તું પોતે જ છો.–એને લક્ષમાં લેવું તે જ પરમાગમનો સાર છે.

રાગ ભાવ તો અનાદિથી જીવ કરે જ છે; તેનું ફળ સંસાર છે. રાગ કરવો તેમાં કાંઈ શૂરવીરતા નથી; શૂરવીરતા તો રાગથી ભિન્ન એવા વીતરાગી ચૈતન્યભાવમાં છે; ભેદજ્ઞાનવડે આનંદમય ચૈતન્યપરિણતિ થવી તે જ સાચો પુરુષાર્થ છે, તે જ મોક્ષ માટેનું સાચું પરાક્રમ છે. સમકિતી ધર્માત્મા શૂરવીરપણે વીતરાગમાર્ગને સાધે છે. એની જ્ઞાનચેતના રાગથી કોઈ જુદું જ કામ કરે છે. એ બહારથી ન દેખાય. પણ બીજા એને દેખે કે ન દેખે એની અપેક્ષા જ્ઞાનીને ક્યાં છે? એ તો જગતની અપેક્ષા છોડીને પોતે પોતામાં એકલો–એકલો જ્ઞાનચેતનાના આનંદને વેદે છે...આનંદનો સ્વાદ લેતો લેતો ભગવાનના માર્ગે ચાલ્યો જાય છે.

ધર્મી પોતાના અકંપ પરમ જ્ઞાનસ્વભાવમાં જ સ્થિર છે, રાગ વખતે કાંઈ તેનું જ્ઞાન પોતાના સ્વભાવથી ડગી જતું નથી. ખાતાં–પીતાં–બોલતાં તેનું જ્ઞાન તો જ્ઞાનભાવમાં જ રહ્યું છે, જ્ઞાન રાગમાં ગયું નથી. જ્ઞાનપર્યાય પ્રગટી છે તે રાગમાં તન્મય થતી જ નથી. ચૈતન્યસ્વભાવની અપૂર્વ શાંતિના વેદનમાં રાગનું વેદન કેમ હોય? શાંતિના બરફમાં કષાયનો અગ્નિ કેમ હોય? જેમ લોકો રોગની વેદનાને સારી માનતા નથી તેમ રાગ તો ચૈતન્યમાં રોગ જેવો છે, તેના વેદનને ધર્મી સારું માનતા નથી. શુભાશુભ રાગ કે હર્ષ–શોક આવી પડે તેનાથી ધર્માત્માની જ્ઞાનચેતનાનું વેદન જુદું ને જુદું છે, તે જ્ઞાનચેતના રાગાદિને કરતી જ નથી. ધર્મીના અનંતગુણમાં પ્રગટેલા સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવો રાગથી છૂટા મુક્ત જ છે, મોક્ષસુખનો નમૂનો તેના વેદનમાં વર્તે છે. અહો, ધર્માત્માના આવા કાર્યને અજ્ઞાનીઓ ક્યાંથી ઓળખી શકે? જ્ઞાની તો પોતે પોતાનું કામ અંદર કર્યે જાય છે, તેને બીજા લોકો જાણે કે ન જાણે–એનું શું કામ છે? (–એ વાત શ્રીમદ્ રાજચંદ્રજીએ એક પત્રમાં લખી છે.)

જ્ઞાની તો જગતની અપેક્ષા છોડીને, પોતે શૂરવીરપણે હરિના મારગને એટલે કે મોક્ષના માર્ગને સાધે છે. જગતની સામે જોઈને કે રાગની સામે જોઈને બેસી રહેવું એ તો કાયરનું કામ છે, એવા કાયર જીવો ભગવાનના મોક્ષમાર્ગને સાધી શકતા નથી. મોક્ષમાર્ગને વીતરાગભાવથી સાધવો એ તો શૂરવીરોનું કામ છે. રાગથી છૂટો પડીને પોતે પોતાના ચૈતન્યના આનંદને અનુભવમાં લેવો–એ તે કાંઈ રાગનું કે વિકલ્પનું કામ નથી, એ તો અંદર ભેદજ્ઞાનવડે રાગથી છૂટા પડીને ચૈતન્યના સ્વસંવેદન વડે જ થાય છે.–એવું અપૂર્વ સ્વસંવેદન કરનાર ધર્માત્મા–જ્ઞાનીના અદ્‌ભુત કાર્યને કોઈ વિરલા જ ઓળખે છે. ને એવી અદ્‌ભુત જ્ઞાનદશાને જે ઓળખે છે તે પોતે રાગથી ભિન્ન જ્ઞાનચેતનારૂપ થઈને સંસારના જન્મ–મરણથી છૂટી જાય છે.

## ❀ મુમુક્ષુની પાત્રતા ❀

**દયા શાંતિ સમતા ક્ષમા,**
**સત્ય ત્યાગ વૈરાગ્ય.**
**હોય મુમુક્ષુ ઘટ વિષે,**
**એહ સદાય સુજાગ્ય.( આત્મસિદ્ધિ )**

જે જીવ મુમુક્ષુ છે તેના અંતરમાં સદાય દયા શાંતિ સમતા ક્ષમા સત્ય ત્યાગ અને વૈરાગ્યાદિ ભાવો હોય છે. જે જીવ મુમુક્ષુ છે–જે શુભ રાગને પણ તોડીને પરમવીતરાગભાવરૂપ મોક્ષને ઇચ્છે છે–તેને ક્રોધ કેમ ગમે? તેને અશાંતિ કે અસત્ય કેમ ગમે? જ્યાં વારંવાર અંતરમાં ચૈતન્યના અનુભવ માટેની ભાવનાઓ ઘૂંટાય છે ત્યાં વિષય–કષાયના પરિણામો એકદમ શાંત થઈ જાય છે. ક્રોધમાં અસત્યમાં વિષયોમાં જેના પરિણામ લવલીન રહેતા હોય તેનામાં મુમુક્ષુતા ક્યાંથી જાગે?

અહા, મુ... મુ... ક્ષુ એટલે તો મોક્ષનો પથિક! એના પરિણામોનો ઝુકાવ સંસાર તરફ ન હોય, સંસારથી વિમુખ થઈને ચિદાનંદસ્વરૂપને જ તે વારંવાર ભાવે છે. ને. એવી ઉત્તમ ભાવના પાસે અશુભપરિણામ બિચારા કેમ ટકી શકે? ત્યાં તો પરિણામોમાં વૈરાગ્ય–કોમળતા વગેરે પાત્રતા સહેજે હોય છે.

# હે ભવ્ય ! તું ચેતનસ્વરૂપ આત્માને જાણ

**સમ્યક્ત્વાદિ ભાવશુદ્ધિ તે જ શાસ્ત્રના શ્રવણ-પઠનનું સાચું ફળ છે.**

**અહો, અતીન્દ્રિય આત્માના સ્વસંવેદનપૂર્વક નીકળતી વીતરાગી સંતોની વાણી !-જાણે ચૈતન્યની કોઈ ઊંડી-ઊંડી ગૂફામાંથી આત્મઅનુભવના વાયરા વા’તા હોય ! એમ ગંભીરપણે આત્માનું સ્વરૂપ દેખાડે છે. વાણીમાં પણ ચૈતન્યના રણકારની આવી મીઠાશ...અહો ! તે ચૈતન્યની અનુભૂતિની મીઠાશની શી વાત ! સંતો કહે છે કે આવા આત્માને સ્વસંવેદનથી તમે અનુભવો.**

**( ભાવપાહુડ ગા. ૬૪-૬૫ )**

હે ભવ્ય ! તું જીવનું સ્વરૂપ ચેતનમય જાણ. શબ્દ–રસ–રૂપ–ગંધ–વર્ણ વગેરે જડના સ્વભાવો છે, તે આત્માનો સ્વભાવ નથી. ખાટો–મીઠો વગેરે પાંચ પ્રકારનો જે રસ છે તે પુદ્ગલનો સ્વભાવ છે, તે આત્માનો રસ નથી. આત્માનો સ્વભાવ તેને જાણનાર છે, પણ આત્મા તે રસરૂપે થતો નથી. આત્મા પરિણમે તો તે રસરૂપે પરિણમતો નથી પણ જ્ઞાયકભાવરૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ છે.–આવા અરસસ્વભાવને, એટલે કે રસથી ભિન્ન અતીન્દ્રિય ચેતનાગુણને તું તારા સ્વસંવેદન વડે જાણ.

આત્માનો સ્વભાવ જ્ઞાયક છે, તે જાણનાર છે. રસને જાણવાનો તેનો સ્વભાવ છે, પણ તે રસરૂપે થઈ જતો નથી. જો રસરૂપે આત્મા થાય, તો તે રસ સાથે તન્મય થઈ જાય એટલે આત્મા જડ થઈ જાય. પણ એમ કદી થતું નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈના દ્રવ્ય–ગુણ–પર્યાય બીજારૂપે થતા નથી.

આત્માનો સ્વભાવ તો જેવા સિદ્ધભગવાન છે એવો જ છે. જેમ સિદ્ધભગવાનમાં રૂપ–રસ–ગંધ કાંઈ નથી તેમ આ આત્મામાં પણ નથી. સિદ્ધભગવાનની જેમ આ

આત્મા અતીન્દ્રિય ચૈતન્યરૂપ છે. જડ તે કોઈ રીતે ચેતનરૂપ થાય નહિ, ને ચેતન તે કોઈ રીતે જડરૂપ થાય નહીં પુદ્ગલના રસ પરિણામને આત્મા ઉપજાવી શક્તો નથી, આત્મા તેનો કર્તા થઈ શકતો નથી. આત્મા પોતાના જ્ઞાનસ્વભાવનો કર્તા છે પણ પરસ્વભાવનો કર્તા નથી. પુદ્ગલના રસની ઉત્પત્તિ આત્મામાંથી થતી નથી, પણ આત્મા તો પોતાની જ્ઞાનપર્યાયરૂપે ઊપજે છે, તે જ્ઞાનપર્યાયની ઉત્પત્તિ આત્મામાંથી થાય છે, જ્ઞાનરૂપે પરિણમીને આત્મા રસને પણ જાણે છે; ‘રસ ચાખ્યો’ એમ કહેતાં કાંઈ પુદ્ગલના રસનો સ્વાદ આત્મામાં આવી જતો નથી, આત્મા તે રસરૂપે થઈ જતો નથી, પણ રસથી જુદા એવા પોતાના જ્ઞાનરૂપે પરિણમતો આત્મા તે રસને જાણે છે. આ રીતે ચેતનસ્વરૂપી આત્મા અરસ છે–તેને તું જાણ...ચેતનરૂપ થઈને તું તારા આત્માને જાણ.

ખાટો–મીઠો–કડવો વગેરે પુદ્ગલના રસને આત્મા ચાખી શકતો નથી, આત્મા તેનું જ્ઞાન કરી શકે છે. પોતે તે રસરૂપ થયા વગર તેને જાણે છે. બહુ તો તેને રાગ થાય છે તે આત્માની પર્યાયમાં થાય છે, પણ વસ્તુ સ્વભાવથી જોતાં તે રાગ પણ આત્માના ચેતનસ્વભાવમાં નથી; તે તો વિભાવ છે, ચૈતન્યભાવથી તે જાુદો છે. તેનું સ્વામીત્વ ધર્માત્માને નથી. પુદ્ગલનું સ્વામીત્વ આત્માને નથી અને રાગનું સ્વામીત્વ પણ આત્માને નથી. જેમ સિદ્ધભગવાન વીતરાગી છે તેમ ચૈતન્યનો સ્વભાવ પણ વીતરાગી છે. આ રીતે તારી ચેતનાવડે રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કર, કે જે શુભા–શુભ રાગ થાય છે તે હું નથી, પણ હું જ્ઞાયકસ્વભાવ જાણનારો છું; અનંત ગુણપર્યાયરૂપે પરિણમનારો જ્ઞાયકસ્વભાવ આત્મા હું પોતે જ છું–એવી દ્રષ્ટિ કરીને તે રાગાદિથી જાુદો પડનારો આત્મા પોતે જ છે; પરરૂપે થનારો કે રાગરૂપે થનારો આત્મા નથી, એટલે ભેદજ્ઞાનવડે તેનાથી આત્મા જુદો પડી શકે છે.

જેમ રસથી આત્મા જાુદો છે તેમ કાળો–ધોળો–રાતો વગેરે પુદ્ગલના રંગથી પણ આત્મા જુદો છે. આત્મા કાળો–ધોળો–રાતો નથી, આત્મા તો અરૂપી છે, તે પુદ્ગલના રૂપને–રંગને ઉપજાવતો નથી, પોતે તે રૂપે થતો નથી; પણ તેનાથી જાુદો છે. પુદ્ગલથી છૂટો રહીને આત્મા તેનો જાણનાર છે. જો શરીરના રંગરૂપે આત્મા પોતે થઈ જાય તો આત્મા તેનાથી છૂટો જ ન રહી શકે. એ રંગ તો પુદ્ગલનો સ્વભાવ છે, આત્મા તે–રૂપે કદી થઈ શકતો નથી. એટલે આત્મા અરૂપી, ચૈતન્યસ્વરૂપથી ભરેલો છે. આત્મા પુદ્ગલના રસથી ભિન્ન ચૈતન્યરસથી ભરેલો છે; પુદ્ગલના રૂપથી જાુદું એવું ચૈતન્યરૂપ તે આત્માનું સ્વરૂપ છે. પુદ્ગલની ગંધ આત્મામાં નથી, આત્મા પોતાના અનંત ગુણની

સુગંધથી ભરેલો છે, ચૈતન્યની સુગંધ તેના અનંતગુણમાં વ્યાપી રહેલી છે. ચૈતન્યની સુગંધ ચૈતન્યમાં વ્યાપે છે. ચૈતન્યની સુગંધ જડમાં જતી નથી. અતીન્દ્રિયજ્ઞાનથી જ તે ચૈતન્યસુગંધ સ્વાદમાં આવે છે, પણ નાક વગેરે ઇન્દ્રિયવડે તેનો સ્વાદ ન આવે, કેમકે પુદ્ગલની ગંધ તેનામાં નથી. ચૈતન્ય અને જડ બંને તત્ત્વો તદ્ન નીરાળા છે, કોઈ કોઈનું સ્વામી નથી. ચૈતન્યનો સ્વાદ ચૈતન્યમાં, ને જડનો સ્વાદ જડમાં, કોઈ એકબીજામાં ભળતા નથી.–આવા ભિન્ન આત્માને હે ભવ્ય! તું તારા જ્ઞાનથી જાણ! એમ ભગવાન કુંદકુંદસ્વામીનો ઉપદેશ છે.

આત્મા ચૈતન્યસ્વરૂપથી ભરેલો છે તેને પુરુષાર્થ વડે તું જાણ. જડના અનંત ગુણો જડમાં પરિણમે છે. આત્માના અનંતગુણો આત્મામાં પરિણમે છે,–એમ બંને સ્વતંત્ર પરિણમે છે. આ પુદ્ગલના જે વર્ણાદિ ભાવો તે મારું સ્વરૂપ નથી, ને અંતરમાં જે રાગાદિ વિભાવો થાય તે પણ મારા ચૈતન્યનો સ્વભાવ નથી, તેનો હું કર્તા નથી, હું તેને જાણનારો જ્ઞાયક છું–એમ પુરુષાર્થ વડે જ્ઞાન કર... ભેદજ્ઞાન કરીને જ્ઞાયકસ્વભાવની પ્રતીત કરીને તેમાં લીન થવાથી રાગાદિ વિભાવ પણ ટળી જાય છે, અને આત્મામાંથી વીતરાગદશાની પ્રાપ્તિ થાય છે. આવા આત્માને જાણતાં ધર્મીને, જેવા સિદ્ધભગવાન છે તેવા પોતાના ચૈતન્યસ્વભાવનો અંશે સ્વાનુભવ થાય છે... ચૈતન્યરસથી ભરેલા 'આનંદઘટ'ની સ્વાનુભૂતિ થાય છે. અહો! આત્મા આનંદરસથી ભરેલો ઘડો છે...આનંદઘાટ અનંતરસથી ભરેલો છે, અનંત ગુણના રસથી ભરેલો આનંદઘટ આત્મા છે. અસંખ્યપ્રદેશી ચેતન્યઘટ, તેના અસંખ્યપ્રદેશની મર્યાદા ક્ષેત્રથી છે, પણ તેના આનંદરસની મર્યાદા નથી, અનંત આનંદરસ અસંખ્યપ્રદેશમાં ભર્યો છે. ચૈતન્યમાં આનંદરસ અનંતો છે, એવા અનંતગુણો છે; જ્ઞાનગુણ અનંત છે–તેનો અપાર મહિમા છે, જેનો કોઈ થાહ નથી,–જેની શક્તિનો પાર નથી; એમ અનંત ચૈતન્યશક્તિના રસથી ભરેલો આનંદઘટ આત્મા છે.–આવા આત્માને હે ભવ્ય! તું તારા સ્વસંવેદનવડે જાણ. ઇંદ્રિયોથી પાર એવા અંતર્મુખ જ્ઞાનવડે આત્મા જણાય છે.

વળી આત્મા ઇંદ્રિયોથી પાર, રાગથી પાર એવો અવ્યક્ત છે. ચૈતન્ય પોતે ચૈતન્યથી જ વ્યક્ત થાય છે (એટલે વેદનમાં આવે છે) પણ તે રાગવડે કે ઇંદ્રિયજ્ઞાનવડે વ્યક્ત થતો નથી. તેનું ગ્રહણ ઇંદ્રિયવડે કે રાગવડે થતું નથી; અતીન્દ્રિય જ્ઞાનરૂપ પોતાના ચૈતન્યવડે જ તેનું ગ્રહણ થાય છે. તે ચૈતન્યથી ભરેલો છે. ઇંદ્રિયો વગેરે તેનામાં નથી, તેથી તે કાંઈ સર્વથા શૂન્ય નથી, તે પોતાના અનંત ચૈતન્યરસથી

ભરપૂર છે. આવો અખંડ આત્મા પોતાના આત્માની અખંડદ્રષ્ટિથી જણાય છે. આત્માને જાણવાનો માર્ગ પોતાને અનાદિકાળથી અજાણ્યો હતો તે શ્રી દેવ–ગુરુના નિમિત્તથી પોતાને જણાય છે. ચૈતન્યચિહ્ન દ્વારા આત્માને જાણતાં ભવનો અભાવ થાય છે. મન–વાણીથી પેલે પાર આત્મા બિરાજે છે, તે આત્મા રાગવડે–ઇદ્રિયવડે જાણી શકાતો નથી, તે પોતે પોતાના ચૈતન્યચિહ્નથી જ જાણી શકાય છે. આત્માને જાણવાની જેને ખરી જિજ્ઞાસા થઈ, તમન્ના લાગી, તે આત્માને જાણી શકે છે. જ્ઞાનથી જ આત્મા જણાય છે, ભેદજ્ઞાનની તીક્ષણતા વડે આત્મા જણાય છે. જેણે આત્માને ઓળખ્યો તે જીવ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ આત્માની સ્વાનુભૂતિ કરે છે; તેને આત્માનો સ્વાનુભવ સ્વસંવેદન–પ્રત્યક્ષ છે, તે જ્ઞાન ને આનંદથી ભરપૂર હોય છે. જેમ હંસ પોતાની ચાંચ વડે દૂધ અને પાણી જુદા કરી નાંખે છે તેમ ધર્મી જીવ ભેદજ્ઞાનની તીક્ષ્ણતા વડે ઈન્દ્રિયો–રાગ–ખંડખંડરૂપ ભાવેન્દ્રિયો એ બધાથી પોતાના ચૈતન્યતત્ત્વને જાુદું પાડી અખંડ ચૈતન્યસ્વરૂપને સ્વસંવેદનમાં લ્યે છે.

ચૈતન્યસ્વભાવ એવો છે કે ઇન્દ્રિયોથી તે વ્યક્ત થતો નથી, ઇન્દ્રિયોમાં તે આવતો નથી; ઇન્દ્રિયોથી જાુદો ચૈતન્યસ્વભાવ છે; અંદરના રાગથી કે ઇન્દ્રિયોથી કે પરસન્મુખી ખંડખંડ જ્ઞાનથી તે વ્યક્ત થતો નથી; ચૈતન્ય તો ચૈતન્યથી વ્યક્ત થાય છે; ખંડખંડજ્ઞાન જેટલો તે નથી. પોતાના ચૈતન્યસ્વભાવથી તે વ્યક્ત છે, પણ પરથી અવ્યક્ત છે, જ્ઞાનદ્વારા તેની પ્રતીત થઈ શકે છે ને પોતાની પર્યાયમાં તે વ્યક્ત થઈ શકે છે. જે અખંડ સ્વરૂપ છે તે પોતાની સ્વભાવની પરિણતિ દ્વારા, પરના આલંબન વગર ગ્રહણમાં–જાણવામાં–અનુભવવામાં આવે છે; વચ્ચે ખંડ આવે છતાં પણ તેનું ગ્રહણ તો અંતરમાં પોતાના ચૈતન્યસ્વભાવની અખંડ પરિણતિદ્વારા જ થાય છે, તેમાં પરનું આલંબન નથી. પર્યાયથી ગ્રહણ થાય છતાં તેની દ્રષ્ટિ તો અખંડ ઉપર જ છે. અખંડની દ્રષ્ટિદ્વારા તેનું ગ્રહણ થાય છે, ખંડના આલંબનદ્વારા તેનું ગ્રહણ થતું નથી.

અંદરમાં ચૈતન્યસ્વભાવ અનંતગુણમહિમાથી ભરેલો છે, તે સ્વસંવેદનમાં વ્યક્ત છે, પણ ઇન્દ્રિયોથી તે વ્યક્ત નથી–જણાય તેવો નથી. શબ્દથી પાર ચૈતન્યતા આત્મામાં ભરેલી છે. આત્મામાંથી શબ્દની ઉત્પત્તિ નથી, શબ્દ તો પુદ્ગલની પર્યાય છે, તે શબ્દ વડે આત્મા જણાતો નથી, શબ્દ આત્મામાં નથી. આવા આત્માને પોતે પોતાથી જાણે ત્યારે નિમિત્તથી એમ કહેવાય છે કે દેવ–ગુરુના ઉપદેશથી આત્મા જાણ્યો. અનાદિકાળનો અજાણ્યો માર્ગ, તે પોતે જ્ઞાનથી જ જાણી શકે છે, ત્યાં ગુરુના ઉપદેશ વડે જાણી શકાય–એમ નિમિત્ત તરફથી કહેવાય છે. અનાદિકાળમાં પોતે પહેલું

સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે સાચા દેવ–ગુરુ નિમિત્તરૂપ હોય છે. પણ જ્ઞાન તો જ્ઞાનથી જ ગ્રહણ થાય છે, ઉપદેશના શબ્દોદ્વારા આત્માનું ગ્રહણ થતું નથી; અણુવ્રત–મહાવ્રતના શુભપરિણામથી પણ આત્માનો સ્વભાવ જાણી શકાતો નથી. વ્રતાદિ શુભપરિણામ તો જુદા રહી જાય છે; આત્મા તેનાથી જુદો રહી જાય છે. તે રાગનું સ્વરૂપ જુદું છે ને આત્માનું સ્વરૂપ જુદું છે. તે શુભરાગ તો પુણ્યબંધનું કારણ છે, તેનાથી કાંઈ ભવનો અભાવ નથી થતો; ભવનો અભાવ તો શુદ્ધસ્વરૂપને જાણવાથી થાય છે. આવા શુદ્ધ સ્વરૂપનું કોઈ એવું ચિહ્ન બહારમાં નથી કે જે ઈન્દ્રિયોવડે જણાઈ શકે. ચેતના જ એનું ચિહ્ન છે ને તે ઈન્દ્રિયાતીત જ્ઞાનવડે જ જાણી શકાય છે. રાગાદિવડે આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણી શકાતું નથી, તેનાથી અગોચર આત્મા છે; તે આત્મા આત્મા–વડે જ વાસ્તવિકરૂપે જાણી શકાય છે. મન–વાણીથી પેલે પાર આત્મા બિરાજે છે, તે પોતાવડે પોતાને જાણી શકે છે, બીજા કોઈ વડે જાણી શકાતો નથી. આવા આત્માને અંતરની ચેતનાવડે હે ભવ્ય જીવો ! તમે જાણો.

* * *

જે વર્ણ–ગંધ–રસ–સ્પર્શ દેખાય છે તે પુદ્‌ગલમાં દેખાય છે; આત્મામાં કાંઈ વર્ણ–ગંધ–રસ–સ્પર્શ દેખાતા નથી. આત્મા વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વગરનો છે; આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે; અરૂપી હોવા છતાં સમ્યગ્જ્ઞાનચક્ષુ વડે આત્મા દેખાય છે. સમ્યગ્દ્રષ્ટિ પોતાના જ્ઞાનસ્વરૂપ અરૂપી આત્માને દેખી શકે છે–જાણી શકે છે–અનુભવી શકે છે. અને તે સમ્યગ્દ્રષ્ટિ બીજા સમ્યગ્દ્રષ્ટિ આત્માને પણ જ્ઞાનવડે જાણી લ્યે છે. પણ મિથ્યાદ્રષ્ટિ તો પોતાને દેહબુદ્ધિ હોવાથી બીજા જ્ઞાનીને પણ દેહબુદ્ધિથી દેખે છે, એટલે બીજા જ્ઞાનીનેય તે ઓળખતો નથી. સમ્યગ્દ્રષ્ટિને દેહાત્મબુદ્ધિ નથી, તેને તો ચૈતન્યમાં જ આત્મબુદ્ધિ છે. તેને શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં દેહથી જુદો આત્મા બરાબર વર્તે છે. ચેતનારૂપ આત્માને તે અનુભવે છે; આત્મા જડના રૂપવાળો નથી. આમ દેહથી જુદો આત્મા ધર્મીને શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં વર્તે છે. અસંખ્યપ્રદેશી ચૈતન્ય–આકાર આત્મા છે; તે ચેતનાલક્ષણે લક્ષિત છે. વચનથી તે અગોચર છે પણ સ્વસંવેદનથી તે ગોચર છે. ચેતનાસ્વભાવની અસ્તિ અને જડરૂપ વર્ણગંધ વગેરેની નાસ્તિ એમ બતાવીને ભેદજ્ઞાનવડે આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે, માટે પરની અપેક્ષા છોડીને ચેતનાલક્ષણ દ્વારા પોતાના સ્વરૂપનું સ્વસંવેદન કરવું, આત્માને ચેતનાવડે અનુભવગમ્ય કરવો. ભાઈ, આત્માની લગની લગાડ તો તેનું સંવેદન જરૂર થશે. જડના રસ વગેરેનું વેદન તો આત્મામાં છે જ નહીં. અજ્ઞાની રાગાદિનું વેદન

કરે છે, જ્ઞાની પોતાના અસલી ચેતનસ્વરૂપનું વેદન કરે છે.–આવા જ્ઞાનસ્વરૂપ જીવને ભાવવો ને તેનો અનુભવ કરવો–એવો ઉપદેશ છે. જ્ઞાનરૂપ થઈને તું જ્ઞાનસ્વભાવને ભાવ.... તે રૂપે પરિણમીને તેને ભાવ.–આવી ભાવનાથી તને મોક્ષસુખ થશે.

જ્ઞાનસ્વભાવ એક પ્રકારનો છે તેની સમ્યક્ અવસ્થાના મતિ–શ્રુત વગેરે પાંચ પ્રકાર છે. આવા પાંચ પ્રકારે એક જ્ઞાનસ્વભાવને જ તું ભાવ! જ્ઞાનસ્વભાવને કોઈની અપેક્ષા નથી, એવા નિરપેક્ષ જ્ઞાનસ્વભાવમાં દ્રષ્ટિ મુકીને તેની ભાવનાથી મતિ–શ્રુત–કેવળજ્ઞાન પ્રગટી જાય છે. જ્ઞાયકસ્વભાવ ચૈતન્યથી ભરેલો છે–અનંત ગુણ–પર્યાયથી ભરેલો છે, તેમાં તન્મય પરિણતિ કરીને, બહારથી જુદો પડવાથી, શરીરથી જુદો પડીને, વિભાવથી જુદો પડીને, જ્ઞાનપદની એકની ભાવનાથી કેવળજ્ઞાન અને મુક્તિ થાય છેઃ–

**મતિ-શ્રુત-અવધિ-મનઃ- કેવળ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે-જે પામી જીવ મુક્તિ લહે.**

આવા જ્ઞાનપદની ભાવના તે તો ખરી રીતે મોક્ષની જ દાતા છે; તે કાંઈ સ્વર્ગની દાતાર નથી, પણ અધૂરાશ રહી જાય ત્યાં વચ્ચે રાગના ફળથી સ્વર્ગ મળે છે. જ્ઞાનસ્વરૂપની ભાવના તો મોક્ષની જ દાતાર છે.

ચૈતન્યપદમાં અનંત–અનંત આનંદની ખાણ ભરી છે, અનંતકાળ સુધી કાઢતાં–કાઢતાં પણ તે ખૂટતી નથી; આવું અદ્ભુત ચૈતન્યસ્વરૂપ છે. આવા મારા ચૈતન્યસ્વરૂપે હું છું ને બીજારૂપે હું નથી–આવું સ્વ–પરનું ભેદજ્ઞાન તો સાધકદશા શરૂ થઈ ત્યારથી જ થઈ ગયું છે.–પછી તે ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતારૂપે પરિણમતા–પરિણમતા ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન થયું ત્યારે આખા લોકાલોકને, તેના અનંતા ગુણ–પર્યાયને, અનંત અવિભાગ પ્રતિચ્છેદોને બધાયને પ્રત્યક્ષ જાણે છે એવી તેની અદ્ભુત તાકાત છે. ચૈતન્યસ્વરૂપની ભાવનાથી આવું અદ્ભૂત કેવળજ્ઞાન પ્રગટે છે. માટે હે જીવ! તું એક જ્ઞાયકભાવની ભાવના કર. વસ્તુના તળિયે પહોંચીને, તેના અસલી સ્વરૂપને ગ્રહણ કરજે, અધૂરે અટકીશ નહીં.

અહા, આવા ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ તે જ શાસ્ત્ર પઢવા–સૂણવાનું તાત્પર્ય છે. ભાવરહિત ગમે તેટલા શાસ્ત્રો પઢવા–સાંભળવાથી શું ફળ છે? અરે, ચૈતન્યસ્વરૂપની જેમાં પ્રાપ્તિ ન થઈ, સમ્યક્ત્વાદિ ભાવ જેમાં ન પ્રગટયો એવા પઢવા–સાંભળવાથી શું કાર્ય છે? જેનાથી ભવનો અભાવ ન થયો–તે શું કામનું? જો સ્વરૂપની પ્રાપ્તિ થઈ,

તો જ પઢવા–સાંભળવાનું યથાર્થ ફળ આવ્યું છે. પણ જો સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ, જે કરવાનું હતું તે તો ન થયું, તો શાસ્ત્રનું પઢવું–સાંભળવું જીવને શું કાર્યકારી થયું? કાંઈ નહીં, માત્ર પુણ્યબંધ થયો, પણ સ્વરૂપની પ્રાપ્તિ તો ન થઈ, ભવનો અભાવ ન થયો, સમ્યગ્દર્શન ન થયું તો જીવને શું ફળ આવ્યું? ભાવશુદ્ધિ વગર તો બધું નિષ્ફળ છે. શ્રાવકપણું કે મુનિપણું તેનું કારણ તો 'ભાવ' છે એટલે કે સમ્યક્ત્વાદિ ભાવશુદ્ધિથી જ શ્રાવકપણું કે મનિપણું થાય છે. જેણે સ્વરૂપની પ્રાપ્તિ કરી તેને જ પઢવા–સાંભળવાનું ફળ આવ્યું. સમ્યગ્દર્શનપૂર્વક ભેદજ્ઞાનની સહજ ધારા વધતાં વધતાં, ભાવશુદ્ધિ વધતાં વધતાં, વચ્ચે અકર્તાપણે વ્રતાદિના શુભભાવ આવે છે. જેમ જેમ સ્વરૂપની દશા વધે તે પ્રમાણે વ્રતાદિ શુભપરિણામ હોય છે એવો નિમિત્ત–નૈમિત્તકસંબંધ છે; સહજ ધારા વધતાં વધતાં સ્વાનુભૂતિ કરતાં કરતાં, રાગને તોડીને કેવળજ્ઞાન પ્રગટ કરે છે. અહો, આવા સ્વરૂપને સાધનારા મુનિઓની દશા અલૌકિક હોય છે. એક સ્વરૂપની જ દશામાં આગળ વધવાનું તેમનું ધ્યેય હોય છે. મુનિઓ વારંવાર સ્વરૂપમાં લીન થાય છે. સ્વરૂપની દશા જ તેમને મુખ્ય હોય છે. ખાવું–પીવું–ટાઢ–તડકો–નિદ્રા વગેરે બધા પરિણામ અત્યંત અલ્પ થઈ ગયા છે, એક સ્વરૂપ જ મુખ્ય થઈ ગયું છે; સ્વરૂપની જ એવી મુખ્યતા થઈ ગઈ છે કે ટાઢ–તડકો વગેરે તો જરાય લાગતા નથી, હાથીને કાંકરી જેવું લાગે છે. તે મુનિ સ્વરૂપમાં લીન થઈ શ્રેણી માંડી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. અનંતા મુનિવરોએ આવી જાતની સ્વરૂપદશા પ્રાપ્ત કરી છે. જુઓ ને, બાહુબલી મુનિરાજ ધ્યાનમાં ઊભા છે.... બસ! ઊભા તે ઊભા! નથી નિદ્રા લીધી, નથી આહાર લીધો.....સ્વરૂપની લીનતામાં એવા સ્થિર ઊભા છે કે શરીર પર વેલડીયું વીંટાણી છતાં જેમ ઊભા તેમ ઊભા જ છે;–સ્વરૂપના ધ્યાનમાં એવા ઊભા છે કે કેવળજ્ઞાન થયું કે થશે! આવી મુનિઓની દશા છે. ભાવશુદ્ધિ જ આવી દશાનું કારણ છે. એક પ્રકારનું જ્ઞાનસ્વરૂપ તેની ભાવના કરવાથી આવી દશા તેના ફળમાં પ્રાપ્ત થાય છે. આ રીતે શાસ્ત્રનું શ્રવણ–પઠન વગેરે બધું જો ભાવશુદ્ધિ સહિત હોય તો જ સફળ છે. મોક્ષમાર્ગમાં ભાવશુદ્ધિની જ પ્રધાનતા છે. માટે હે જીવ! તું જ્ઞાનસ્વરૂપની ભાવના વડે પ્રથમ ભાવશુદ્ધિ (એટલે કે સમ્યગ્દર્શનાદિ) પ્રગટ કર.

# પરને કરવાની બુદ્ધિરૂપ અધ્યવસાન જ બંધનું કારણ છે

**જીવના અધ્યવસાન વડે પરનું કંઈ જ કાર્ય થતું નથી માટે તે અધ્યવસાન મિથ્યા છે. અને મિથ્યા હોવાથી જીવને પોતાને અનર્થકારી છે.-આ રીતે અજ્ઞાનમય અધ્યવસાનનું મિથ્યાપણું સમજાવીને તેને છોડવાનો ઉપદેશ છે.**

[ સમયસાર ગા. ૨૭૬ ઉપરનું આ પ્રવચન જિજ્ઞાસુઓને ઉપયોગી હોવાથી રેકર્ડિંગ ટેપ–રીલમાંથી લખીને અહીં આપવામાં આવ્યું છે. ]

પોતાના જ્ઞાનચેતનાસ્વભાવને ભૂલીને અજ્ઞાની જીવ એમ માને છે કે હું પર જીવને સુખી–દુઃખી કરું, પરજીવો મને સુખી–દુઃખી કરે; હું શુભ–અશુભ રાગ વડે પરને જીવાડું ને મારું, કે પરજીવો મને જીવાડે ને મારે, હું પરજીવોને બંધન કે મુક્તિ કરું ને પરજીવો મને બંધન કે મુક્તિ કરે.–આમ સ્વ–પરની એકતાબુદ્ધિથી અજ્ઞાની જીવો માને છે; પરંતુ તેની માન્યતા અનુસાર કાંઈ પરજીવનું કામ થતું નથી. પર જીવમાં સુખ–દુઃખ હર્ષ–શોક થાય કે ન થાય તે તેના પોતાના કારણે થાય છે, આ જીવના ભાવને લીધે તેમાં કાંઈ થતું નથી. આ જીવનો મિથ્યા અભિપ્રાય તેને પોતાને ચારગતિમાં રખડવાનું કારણ થાય છે. પરને માટે તો તે અભિપ્રાય કાંઈ જ કાર્યકારી નથી, એટલે અકિંચિત્કર છે, મિથ્યા છે, નિષ્ફળ છે.

હિંસાના અશુભપરિણામ કે અહિંસાના શુભપરિણામ, તેના વડે હું પરને મારી શકું કે જીવાડી શકું–એવી જે મિથ્યા માન્યતા છે તે માન્યતા જ પાપબંધનું મૂળ કારણ છે. પરજીવ મરે કે ન મરે પણ અજ્ઞાની પોતાની મિથ્યામાન્યતાને કારણે બંધાય છે. હિંસા–અહિંસાના પરિણામની જેમ, અસત્ય ને સત્ય વગેરેમાં પણ જીવને પરસાથેની એકત્વબુદ્ધિ જ બંધનું કારણ છે, પરની ક્રિયા બંધનું કારણ નથી. ક્રિયા તો જુદી છે, શુભ–અશુભ પરિણામ સાથે જે એકતાબુદ્ધિ કરે છે તે જ પુણ્ય–પાપ વડે બંધાય છે.

પરવસ્તુ તો આ આત્માના અસ્તિત્વથી જુદી છે, તે આત્મામાં શું કરે? ને આત્મા તેનામાં શું કરે? આવું ભિન્નપણાનું ભેદજ્ઞાન કરીને જ્ઞાનભાવરૂપે પરિણમે તેને બંધન થતું નથી.

બંધના કારણમાં અહીં તો અજ્ઞાનીના મિથ્યાત્વને જ મુખ્ય ગણ્યું છે. લોકો અહિંસાદિ શુભપરિણામને ધર્મ માને છે, પણ તે ધર્મ નથી; અહીં તો કહે છે કે તે અહિંસાદિના શુભભાવ મારું કાર્ય છે અને તે અહિંસાના ભાવ વડે હું પરને બચાવી શકું છું–એવી બુદ્ધિ તે તો મિથ્યાત્વ છે; ને તે અધર્મ છે, બંધનું જ કારણ છે. અશુભમાં એકત્વબુદ્ધિ કે શુભમાં એકત્વબુદ્ધિ તે બંને મિથ્યાત્વ જ છે. રાગથી છૂટો પડીને ભેદજ્ઞાન વડે જ્ઞાનરૂપે જે પરિણમ્યો તે જ્ઞાનીને બંધન થતું નથી. જેને મિથ્યાબુદ્ધિ છે તે અશુભ કરે કે શુભ,–પણ મિથ્યાત્વથી તે બંધાય જ છે.

ભાઈ! તારા આત્માના જ્ઞાનસ્વભાવના આધારે તું વીતરાગભાવને ઉત્પન્ન કર, ને રાગને ન કર, –એવા ભાવ વડે તું તારા આત્માની દયા કર; તારા આત્માને મિથ્યાત્વની હિંસાથી હણાતો બચાવીને અહિંસા કર.–આવી વીતરાગી સ્વદયા તે પરમાર્થ અહિંસા છે, ને આવી અહિંસા તે ધર્મ છે, તે મોક્ષનું કારણ છે.

ભાઈ, તું અશુભમાં એકતાબુદ્ધિ કર કે શુભમાં એકતાબુદ્ધિ કર, તે એકતાબુદ્ધિ જ તને બંધનું કારણ છે. મિથ્યાત્વ ટળ્યા પછીના બંધનને બંધનમાં ગણતા નથી, કેમકે જ્ઞાનમાં તેનું કર્તૃત્વ નથી; જ્ઞાનભૂમિકામાં ધર્મીજીવ રાગને આવવા દેતો નથી. જીવનો મિથ્યાભાવ તે બંધનું એક કારણ; ને પરજીવ મરે કે બચે તે બંધનું બીજું કારણ–એમ બંધના કારણ બે નથી, પણ અજ્ઞાની જીવનો અધ્યવસાન તે એક જ બંધનું કારણ છે.

જેમ આકાશના ફૂલને ચૂંટવાની બુદ્ધિ તે મિથ્યા જ છે; કેમ કે તે સત્ નથી; તેમ પરવસ્તુની ક્રિયાને આત્મા કરે એવી બુદ્ધિ, પરને સુખી–દુઃખી હું કરું એવી બુદ્ધિ, તે મિથ્યા જ છે, કેમકે આત્મામાં પરની ક્રિયાનો અભાવ છે. આત્મામાં જે છે જ નહિ તેને આત્મા કેમ કરે? છતાં મિથ્યાબુદ્ધિથી પરને કરવાનું માને તો તે પોતાને જ અનર્થનું કારણ છે; પરમાં તો તેનાથી કાંઈ જ થઈ શકતું નથી. આ રીતે અધ્યવસાન પરને માટે અકિંચિત્કર છે અને પોતાને માટે અનર્થનું–દુઃખનું–બંધનું કારણ છે. માટે તે છોડવા જેવો છે.

પરવસ્તુ તો બંધનું કારણ નથી; હવે અશુભભાવ કે શુભભાવ–તે બંને વખતે તેમાં

કર્તૃત્વબુદ્ધિરૂપ જે અજ્ઞાનભાવ છે તે જ બંધનું કારણ છે. અને જ્યાં તે અજ્ઞાનભાવ છૂટીને જ્ઞાનભાવરૂપ પરિણમન થયું ત્યાં તે જ્ઞાનમાં બંધન છે જ નહિ. બે વાત લીધી છે–રાગથી ભિન્ન જ્ઞાનરૂપ પરિણમન તે જ મોક્ષનું કારણ છે; અને રાગાદિમાં એકતાબુદ્ધિરૂપ અજ્ઞાનભાવ તે જ બંધનું કારણ છે. પછી તેમાં એક અશુભ ને બીજું શુભ એવા ભેદની મુખ્યતા નથી. ભલે દ્રવ્યલિંગી સાધુ થઈને અહિંસા–સત્ય વગેરે પાંચ મહાવ્રત પાળતો હોય પણ તે મહાવ્રતના શુભરાગની સાથે જ્ઞાનની એકત્વબુદ્ધિ જેને વર્તે છે તે અજ્ઞાની છે, ને તે તેનો અજ્ઞાનમય ભાવ બંધનું જ કારણ છે.

પરના કર્તૃત્વની જે મિથ્યાબુદ્ધિ છે તેનો કોઈ સત્ વિષય જગતમાં નથી. પર વસ્તુ જગતમાં સત્ છે, પણ આ જીવ અજ્ઞાનભાવથી પણ તેનો કર્તા થઈ શકે–એવું વસ્તુસ્વરૂપ નથી. વસ્તુસ્વરૂપ જેમ ન હોય તેમ માને તો માન્યતા મિથ્યા છે, ને તે મિથ્યા માન્યતા જ જીવને દુઃખનું ને બંધનું કારણ છે, બીજું કોઈ નહિ. જેમ કોઈવાર હિંસાનો કે પ્રમાદનો ભાવ ન હોવા છતાં મુનીંદ્રના પગ નીચે કાળપ્રેરિત કોઈ જીવડું આવી જાય તો ત્યાં તે બાહ્યક્રિયા કાંઈ મુનીંદ્રને બંધનું કારણ થતી નથી. બંધનું કારણ પોતાનો ભાવ છે ને તેમાં પણ રાગાદિ સાથે એકતાબુદ્ધિરૂપ અજ્ઞાનભાવ જ બંધનું કારણ છે. રાગથી ભિન્નતારૂપ જ્ઞાનભાવ થયો તેમાં બંધન નથી.

જીવને બંધ–મોક્ષનું કારણ જીવનો પોતાનો ભાવ હોય તે જ થાય, પણ જીવથી જે ભિન્ન હોય એવી પરવસ્તુ જીવને બંધનું કે મોક્ષનું કારણ થાય નહિ. અજ્ઞાનીને રાગાદિ સાથે તન્મયભાવ છે, –તે અજ્ઞાનભાવ જીવનો છે તેથી તે તેને બંધનું કારણ થાય છે; પણ તે વખતની બહારની હિંસાદિ ક્રિયા કે જીવ બચવારૂપ ક્રિયા થાય તે કાંઈ આ જીવ સાથે એકરૂપ નથી, આ જીવથી તો તે જુદી છે, ને તે ક્રિયા સામા તે–તે જીવના પોતાના કર્મઉદય પ્રમાણે થાય છે, –આયું ન હોય તો મરે ને આયુ હોય તો જીવે, તેનો કર્તા આ જીવ નથી, તેથી તેની ક્રિયા આ જીવને બંધનું કારણ નથી. અજ્ઞાની જીવને તેનો પોતાનો અજ્ઞાનમયભાવ જ બંધનું કારણ છે. ને જ્ઞાનભાવમાં તન્મય વર્તતા જ્ઞાનીને બંધન છે જ નહિ.

આ જીવ એમ માને છે કે હું સામા જીવને ધર્મની સમજણ આપીને મોક્ષ પમાડી દઉં, –પણ સામો જીવ પોતે વીતરાગી જ્ઞાનભાવરૂપ ન પરિણમે તો તે મોક્ષ પામતો નથી, એટલે આ જીવની માન્યતા તો નકામી ગઈ, મિથ્યા થઈ. તેમ આ જીવ એમ માને કે

હું બીજા જીવના પરિણામ બગાડીને તેને બંધનમાં નાખી દઉં,–પણ સામો જીવ પોતે સરાગરૂપ પરિણામ ન કરે તો બંધાતો નથી, એટલે આ જીવની માન્યતા તો નકામી ગઈ, મિથ્યા ગઈ.

આ જીવ સામાને બંધન કે મુક્તિ કરવાની માન્યતા ન કરે તોપણ સામો જીવ તેના પોતાના સરાગભાવથી બંધાય છે ને વીતરાગભાવ વડે મુક્ત થાય છે; એટલે પરની ક્રિયા જીવના અધ્યવસાય વગર જ થાય છે, આ જીવ તેનો કર્તા નથી. એ જ રીતે પર જીવ કે પરવસ્તુ આ જીવના બંધ–મોક્ષને કરતા નથી. માટે હે ભાઈ! પરના કર્તૃત્વની મિથ્યાબુદ્ધિ છોડીને, રાગથી ભિન્ન જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવરૂપે રહે–એ જ તાત્પર્ય છે, એ જ મોક્ષસુખનો ઉપાય છે.

ભાઈ, તું કર્તૃત્વબુદ્ધિ ન કર તોપણ પરનાં બંધ–મોક્ષ વગેરે કાર્યો તેના પોતાના કારણે થયા જ કરે છે. અને પરમાં જે બંધ–મોક્ષ વગેરે ન થતા હોય ત્યાં તું કર્તૃત્વનો મિથ્યા અભિપ્રાય કરે તોપણ તેને કારણે કાંઈ પરમાં બંધ–મોક્ષ તો થતાં નથી, આ રીતે તારો ભાવ પરમાં અકિંચિત્કર છે–નકામો છે; માટે તે મિથ્યાભાવ છોડ, ને રાગથી પાર સ્વ–દ્રવ્યનો આશ્રય કર. સ્વદ્રવ્યનો આશ્રય કરીને જે જ્ઞાનરૂપ પરિણમ્યો તે જ્ઞાનીના જ્ઞાનમાંથી પરનું કે રાગનું કર્તૃત્વ છૂટી ગયું છે; એટલે જ્ઞાનભાવમાં તેને બંધન થતું જ નથી.

બાપુ! જગતનાં કોઈ કામ કાંઈ તારા પરિણામના આધારે તો થતા નથી, માટે તેની કર્તૃત્વબુદ્ધિ છોડીને તું તારા જ્ઞાનભાવરૂપ જ રહે, તારી ભાવના હોય કે હું કોઈને મુક્ત કરી દઉં, –પણ તે જીવ તેના પોતાના સમ્યક્ત્વાદિ વીતરાગપરિણામ વગર ક્યાંથી મુક્ત થશે? અને તે જીવ તેના વીતરાગપરિણામવડે મુક્ત થયો તો તેમાં તેં શું કર્યું? અને તું તેવી માન્યતા ન કરે તોપણ જે જીવો વીતરાગભાવ કરે છે તેઓ મુક્ત થાય જ છે; ને જેઓ રાગભાવ કરે છે તેઓ બંધાય છે. માટે તું આખા જગતનો બોજો તારા જ્ઞાનમાંથી ઉતારી નાંખ. અહો, જ્ઞાનસ્વભાવી આત્મા તે પરમાં શું કરે? ને પર ચીજ જ્ઞાનમાં શું કરે? જ્ઞાનમાં વિકલ્પનુંય કર્તૃત્વ નથી. આવા જ્ઞાનનો અનુભવ તે જ મોક્ષનું કારણ છે. જીવ માને કે હું બીજાને બંધાવી દઉં,–પણ તે જીવ તેના રાગાદિભાવ વગર ક્યાંથી બંધાશે? –માટે તારો ભાવ પરમાં કાંઈ કરતો નથી. આમ બધેથી છૂટો પડીને જ્ઞાનમાં આવી જા.

# 卐 પરમાગમની મધુરી પ્રસાદી 卐

## 卐 શ્રુતપંચમી દિને સમયસાર-બંધઅધિકારના પ્રવચનમાંથી. 卐

**બંધઅધિકારમાં એમ બતાવ્યું કે શુદ્ધસ્વભાવરૂપ નિશ્ચયનો આશ્રય તે જ એક બંધથી છૂટવાનો માર્ગ છે. પરાશ્રયરૂપ જેટલો વ્યવહાર છે તે બધોય બંધનું જ કારણ છે. માટે મુમુક્ષુએ નિશ્ચયનો આશ્રય કરીને વ્યવહારનો આશ્રય છોડવા જેવો છે.**

❀ વ્યવહારનો આશ્રય કરનાર જીવને કદી મુક્તિ થતી નથી; ને નિશ્ચયનો આશ્રય કરનારને કદી બંધન થતું નથી, –આ સર્વસિદ્ધાંતનું તાત્પર્ય છે. માટે મુમુક્ષુઓ ઉદાર જ્ઞાનવડે શુદ્ધનયનો આશ્રય કરો.

❀ જેમ પર સાથે એકત્વબુદ્ધિરૂપ અજ્ઞાનમય અધ્યવસાન છે ( પછી તે હિંસાદિ અશુભ હો કે અહિંસાદિ શુભ હો )–તે બંધનું જ કારણ છે, તેમ પરના આશ્રયે થતા બધા ભાવો પણ બંધનું જ કારણ છે. તે સિદ્ધાંત સમજાવવા અભવ્યનું દ્રષ્ટાંત આપ્યું છે કે જેમ અભવ્યજીવને વ્યવહારનો આશ્રય કરવા છતાં કદી મુક્તિ થતી નથી તેમ વ્યવહારના આશ્રયવડે ભવ્યજીવને પણ કદી મુક્તિ થતી નથી.

❀ કોઈ કહે કે એકાંત વ્યવહારનો આશ્રય કરનાર તો ન છૂટે–પણ નિશ્ચયસહિત વ્યવહારનો આશ્રય કરે તો ?–તો કહે છે કે તેમાં પણ જેટલો વ્યવહારનો આશ્રય છે તેટલું તો બંધનું જ કારણ છે, અને જેટલો શુદ્ધનયનો આશ્રય છે તેટલું જ મોક્ષનું કારણ છે.

❀ વીતરાગ ભગવાને કહેલી, રાગથી ભિન્ન જ્ઞાનના અનુભવરૂપ જે શુદ્ધનયની આજ્ઞા, તેને તો અજ્ઞાની ઓળખતો નથી, ને ભગવાને કહેલાં વ્યવહાર જ્ઞાન–શ્રદ્ધા–આચરણ ભગવાનની આજ્ઞા પ્રમાણે પરાશ્રયે બરાબર પાળે છે, પર પરાશ્રય વગરના શુદ્ધાત્માના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રને જરાપણ જાણતો નથી, તેથી તે જીવને

મુક્તિ થતી નથી; કેમકે મુક્તિનું કારણ તો શુદ્ધનયનો આશ્રય જ છે; વ્યવહારનો આશ્રય તે કાંઈ મોક્ષનું કારણ નથી. વ્યવહારના આશ્રયને જે મોક્ષનું સાધન માને તેણે ખરેખર ભગવાનની આજ્ઞા માની નથી.

અરે, આનંદના ધામ ચૈતન્યનો જેમાં અનુભવ નહિ, ને રાગનો જ જેમાં અનુભવ,–એને તે સાચાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર કોણ કહે? ભલે શાસ્ત્ર ભણે, સમયસારાદિ સાંભળે, ભગવાને કહેલાં તત્ત્વોના ભેદની શ્રદ્ધા કરે, ને અહિંસાદિ શુભભાવરૂપ વ્રતો પાળે, પણ ચૈતન્યની નિર્વિકલ્પ શાંતિના સ્વસંવેદન વગરનો તે જીવ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રથી શૂન્ય જ છે, મોક્ષનું કારણ તેને જરા પણ નથી, એકલા બંધભાવને જ તે સેવે છે.

જ્ઞાન ને શ્રદ્ધા તો તેને કહેવાય કે જેની સાથે ચૈતન્યની નિર્વિકલ્પ શાંતિનું વેદન હોય. આવા શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક જ ચારિત્ર હોઈ શકે છે જ્યાં શ્રદ્ધા–જ્ઞાન જ સાચાં નથી ત્યાં ચારિત્ર કદી હોતું નથી. જ્ઞાન–શ્રદ્ધા પછી જ સમ્યક્ચારિત્ર હોય છે.

મોક્ષ એટલે એકલા જ્ઞાનસ્વભાવનો અનુભવ; જેને આવા શુદ્ધ જ્ઞાનનો અનુભવ નથી, શુદ્ધજ્ઞાનની શ્રદ્ધા નથી, તેને મોક્ષની જ શ્રદ્ધા નથી. રાગના અનુભવને જેણે મોક્ષનું સાધન માન્યું તેણે મોક્ષને પણ રાગરૂપ જ માન્યો. તદ્ન રાગ વગરનું જે શુદ્ધજ્ઞાન–તેના પૂર્ણ અનુભવરૂપ મોક્ષની શ્રદ્ધા પરના આશ્રયે થતી નથી. અજ્ઞાની આમ તો શાસ્ત્રઅનુસાર નવ તત્ત્વને જાણે તેમાં મોક્ષતત્ત્વ પણ આવી જાય, –પણ તે તો પરલક્ષી સ્વીકાર છે, અંતરમાં રાગથી જુદો પડીને જ્ઞાનના સ્વસંવેદનપૂર્વક મોક્ષને તે શ્રદ્ધતો નથી. –અરે, આવા મોક્ષને શ્રદ્ધે તો રાગમાં જરાય એકત્વબુદ્ધિ રહે નહિ. રાગમાં એકત્વબુદ્ધિ પણ રહે અને રાગવગરના મોક્ષની પણ સાચી શ્રદ્ધા થાય–એમ બને નહિ. મોક્ષની શ્રદ્ધા ત્યાં રાગમાં એકતા નહિ, ને રાગમાં એકતા ત્યાં મોક્ષની શ્રદ્ધા નહીં.

અહો, શુદ્ધ જ્ઞાન એટલે મોક્ષ. જેમાં કોઈ રાગ નથી, વિકલ્પ નથી, પરનો આશ્રય નથી; એકલા શુદ્ધજ્ઞાનના આશ્રયવડે નિર્વિકલ્પ શાંતિના વેદન સહિત, જે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર થયા તે રાગ વગરના છે, તે મોક્ષનું કારણ છે.

ભલે થોડું પણ સ્વના આશ્રયવાળું સ્વના સ્વસંવેદનવાળું જ્ઞાન હોય–તે મોક્ષનું કારણ છે. અને એવા સ્વસંવેદન વગર ૧૧ અંગના કરોડો શ્લોકોનું ભણતર તે

પણ બધુંય અજ્ઞાન છે, તે જરા મોક્ષહેતુ નથી.

❁ પરના આશ્રયે જૈનના વ્યવહારના આશ્રયવાળો જીવ મિથ્યાત્વ અને કષાયની મંદતા કરે છે, પણ તેનો અભાવ કરીને તેનાથી જુદા જ્ઞાનનો સ્વાદ તે લેતો નથી, ને જ્ઞાનના સ્વાદ વગરનું તેનું બધું મિથ્યા છે. પરલક્ષે મિથ્યાત્વાદિની મંદતા થઈ તેની મોક્ષમાર્ગમાં કાંઈ કિંમત નથી; તે પરાશ્રિતભાવવડે અંતર્મુખ ભાવનો કોઈ અંશ આવે એમ તો છે જ નહિ. અંતરમાં શુદ્ધજ્ઞાનના આશ્રયવડે મિથ્યાત્વાદિનો અભાવ કરવો, તે મૂળવસ્તુ છે, તે મોક્ષનું કારણ છે. આવા શુદ્ધજ્ઞાનનો અનુભવ તે જ ભગવાનની પરમાર્થ આજ્ઞા છે, તે જ શાસ્ત્રોનું તાત્પર્ય છે. તેના વગર ભલે શાસ્ત્રો ભણવાનો જે ગુણ (જે ફળ) શુદ્ધાત્મ-અનુભવ તે તો અજ્ઞાનીને થતું નથી. અરે, જે ભણતરમાં આત્મા ન આવ્યો, જેમાં જ્ઞાનનો સ્વાદ ન આવ્યો તે ભણતરની ભગવાનના માર્ગમાં કાંઈ કિંમત નથી; તેનું બધું ભણતર અજ્ઞાન જ છે.

❁ શાસ્ત્રોએ તો એમ કહ્યું હતું કે રાગાદિથી ભિન્ન વસ્તુભૂત જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેને જાણ, તેને અનુભવમાં લે. શાસ્ત્ર ભણીને પણ જેણે જ્ઞાનનો સ્વાદ ન લીધો તો તેને શાસ્ત્રભણતરનું ફળ તો ન આવ્યું. શુભરાગ થયો તે કાંઈ શાસ્ત્રભણતરનું ખરૂં ફળ નથી; શાસ્ત્રોએ જેવી ચૈતન્યવસ્તુ રાગથી નિરપેક્ષ, આનંદમય બતાવી છે તેવી પોતાના વેદનમાં આવે તે જ શાસ્ત્રભણતરનું ફળ છે, તે જ શાસ્ત્રભણતરનો ગુણ છે.

**જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયી.**

❁ જિન સમાન શુદ્ધાત્મા લક્ષગત કરવો તે વીતરાગી શાસ્ત્રોનું ફરમાન છે. એકલા પરાવલંબનમાં રહીને ભણ્યા કરે તેમાં કાંઈ શાસ્ત્ર ભણતરનું ખરૂં ફળ ન આવે. શાસ્ત્રે કહ્યું કે તું તારા જ્ઞાનસ્વભાવનો આશ્રય કર! શાસ્ત્રનું લક્ષ છોડીને એવો સ્વાશ્રય જેણે કર્યો તેણે જ શાસ્ત્રભણતરનું ખરૂં ફળ આવ્યું.

❁ આ રીતે સ્વાશ્રિતભાવરૂપ સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષનું કારણ છે. અને પરાશ્રયરૂપ કોઈ પણ વ્યવહારભાવો તે મોક્ષનું કારણ નથી. શુદ્ધજ્ઞાનમય નિશ્ચયના આશ્રયરૂપ જે મોક્ષમાર્ગ, તેમાં વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પણ કોઈ અપેક્ષા

નથી. તે વ્યવહારના–રાગના અભાવમાં પણ શુદ્ધ આત્માના આશ્રયે મુનિભગવંતો મોક્ષને સાધે છે.

❀ અરે બાપુ! એકવાર જગતનું બધું એકકોર મુકીને આ શુદ્ધજ્ઞાનને લક્ષમાં લે. શુદ્ધજ્ઞાનમાં કોઈ બીજાની અપેક્ષા નથી. આવા શુદ્ધજ્ઞાનમય ભગવાન આત્માની અનુભૂતિ કર... તે અપૂર્વ છે... તે શાસ્ત્રનું ફરમાન છે ને તે જ મોક્ષનું કારણ છે.

❀ અહો, આત્મા સદાય જ્ઞાનચેતનાસ્વરૂપ છે. તે જ્ઞાનચેતનાનો અનુભવ એ જ ભૂતાર્થ ધર્મ છે. શુભરાગ વગેરે તો કર્મફળચેતના છે, તે કાંઈ ભૂતાર્થધર્મ નથી; સાચો ધર્મ તે નથી, છૂટવાના કારણરૂપ ધર્મ તે નથી. છૂટવાના કારણરૂપ ધર્મ તો જ્ઞાનચેતનામય છે. જ્યાં ચૈતન્યની ચેતનાના સ્વાદનું વેદન નથી તે જીવ શુભ કર્મને–પુણ્યને મોક્ષનું કારણ માને છે, સાચા ધર્મની તેને શ્રદ્ધા નથી. તેના બધા પરિણામ પરસન્મુખ જ વર્તે છે, સ્વસન્મુખ પરિણામ તેને થતા નથી, એટલે ભૂતાર્થરૂપ સાચો આત્મા તેની શ્રદ્ધામાં આવતો નથી; માટે ભલે તે શુભરાગના વેદનરૂપ વ્યવહારધર્મને શ્રદ્ધતો હોય તોપણ તે મિથ્યાદ્રષ્ટિ જ છે, તે જીવ રાગના સેવન વડે બહુ તો ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે પણ ચૈતન્યની શાંતિનો તો અશંપણ તેને મળતો નથી. ગ્રૈવેયકમાં જઈને ત્યાં પણ તે રાગનું જ વેદન કરે છે, રાગથી ભિન્ન જ્ઞાનચેતનાના અપૂર્વ સ્વાદની તેને ખબર જ નથી.

❀ ગ્રૈવેયકમાં બહારમાં કાંઈ દેવી વગેરે નથી, છતાં અંદરના શુભ રાગના વેદનમાં જેને મીઠાશ લાગે છે તેના અભિપ્રાયમાં રાગના ફળરૂપ ભોગમાં પણ સુખબુદ્ધિ વર્તે જ છે. એકકોર ચૈતન્યસુખનું વેદન, તેનો જ્યાં અભાવ ત્યાં કર્મફળચેતનાનું વેદન, એમ બે ભાગ પાડીને જ્ઞાની–અજ્ઞાનીની વાત સમજાવી છે. જ્ઞાનીને ચૈતન્યના વેદનમાં રાગના વેદનનો અભાવ છે. અજ્ઞાનીને જ્ઞાનચેતનાનું વેદન નથી ત્યાં રાગનું ને ભોગનું જ વેદન છે. જ્ઞાનના વેદનરૂપ સાચા ધર્મને, સાચા મોક્ષમાર્ગને તે જાણતો નથી, શ્રદ્ધતો નથી, આચરતો નથી. અહો, જ્ઞાયકભાવથી ભરેલો ચૈતન્ય આત્મા, તેના નિર્વિકલ્પરસની શાંતિનું વેદન જ્યાં થાય છે ત્યાં સાચા શ્રદ્ધા–જ્ઞાન–આચરણ હોય છે, તે જ ભૂતાર્થધર્મ અને સાચો મોક્ષમાર્ગ છે. આવો મોક્ષમાર્ગ શુદ્ધનયવડે અંતર્સ્વભાવના આશ્રયે પ્રગટે છે. કોઈ પરના આશ્રયવડે આવો મોક્ષમાર્ગ થતો નથી. પરાશ્રયરૂપ વ્યવહાર વડે મોક્ષમાર્ગનો જરાય લાભ થતો નથી.

❁ માટે શુદ્ધસ્વભાવના અનુભવરૂપ સ્વાશ્રય વડે, પરાશ્રયરૂપ વ્યવહાર નિષેધ કરવા જેવો જ છે; ને સ્વભાવસન્મુખ એવો શુદ્ધનય આશ્રય કરવા જેવો છે. જ્યાં શુદ્ધનયનો આશ્રય કરીને જીવ પરિણમ્યો ત્યાં તેને પરાશ્રયરૂપ વ્યવહાર રહેતો જ નથી, એનું જ નામ વ્યવહારનો નિષેધ છે, પણ 'હું વ્યવહારને છોડું,' એવા વિકલ્પો વડે કાંઈ વ્યવહારનો નિષેધ થતો નથી. અંતરના સ્વભાવમાં જ્ઞાન એકાગ્ર થઈને પરિણમ્યું તેમાં રાગાદિનું પરિણમન રહ્યું જ નહિ. આવા શુદ્ધનયનો આશ્રય કરનાર જીવ સ્વાશ્રયભાવે આનંદનું વેદન કરતો કરતો નિર્વાણને પામે છે.

## વૈરાગ્ય સમાચાર-

❁ ઉદેપુરના પં. શ્રી પવનકુમારજી તા. ૫–૫–૭૩ના રોજ દેવ–ગુરુ–ધર્મના સ્મરણપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

❁ મુંબઈના ભાઈશ્રી શિવલાલ જેઠાલાલ શેઠ ( તેઓ ભાઈશ્રી ખીમચંદભાઈ શેઠના નાના ભાઈ ) તા. ૧૭–૫–૭૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❁ ઉમરાળાના ભાઈશ્રી મગનલાલ પોપટલાલ ચૈત્ર વદ ૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❁ ગોંડલવાળા સુમનબેન ( તેઓ પ્રીતમલાલ તારાચંદના ધર્મપત્ની ) તા. ૧૪–૫–૭૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❁ રાજકોટના મણિલાલ જેસંગભાઈ પુનાતર ( ઉ. વર્ષ ૮૧ ) તા. ૩–૪–૭૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❁ નરશીપુરવાળા શાહ છોટાલાલ પીતાંબરદાસ કલોલ મુકામે ચૈત્ર વદી ૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❁ બોટાદના બહેન મયુરીબહેન શાંતિલાલ કામદાર ( તેઓ મંજુલાબેનના માતુશ્રી ) ચૈત્રવદ છઠ્ઠના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

–સ્વર્ગસ્થ આત્માઓ દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

## [ કલકત્તા જન્મજયંતિ સમાચાર ચાલું ]

શ્રીમાન શાંતિપ્રસાદજી શાહુ શ્રદ્ધાંજલિ આપતાં કહે છે કે–હે ગુરુદેવ! આપ તો એક જ ધ્યેય બતાવો છો. સમ્યગ્દર્શન શું ચીજ છે અને તે કેમ પ્રાપ્ત થાય–એ જ વાત આપ પ્રવચનમાં બતાવો છો. બધા જીવો કાંઈ ચારિત્રદશા ધારણ કરી શકતા નથી, પરંતુ ગૃહાવસ્થામાં રહીને પણ ધર્મપ્રાપ્તિ કરી શકાય છે–એ વાત અમને સમજાવનારા આપ જ છો. અમે વ્રત–તપમાં જ ધર્મ માનતા હતા, સમ્યગ્દર્શનની અમને ખબર ન હતી, કે સમજાવનારા આપ છો. આપને શ્રદ્ધાંજલિ આપતાં હું ભાવના ભાવું છું કે સર્વે મોક્ષાર્થી જીવો આપના સમાગમમાં આવીને સમ્યગ્દર્શન પામે.

❀ વિદ્વાન ભાઈશ્રી ખીમચંદભાઈ જે. શેઠે કહ્યું કે–કલકત્તાનગરી મહા ભાગ્યશાળી છે કે આવા મહાન અધ્યાત્મપુરુષ અહીં પધાર્યા છે ને તેમની મંગલ જયંતિ ઉજવાય છે. આ મહાન નગરી મહાપુરુષના પદાર્પણથી આજે ખરેખર મહાન બની. ગુરુદેવના ૮૪ ના ફેરા ટળ્યા છે ને તેમના નીમત્તે આપણા પણ ૮૪ ના ફેરા ટળી જવાના છે. સૂર્ય તો પૂર્વમાંથી પશ્ચિમમાં આવે, પરંતુ આ આશ્ચર્યકારી કહાન–સૂર્ય તો પશ્ચિમમાંથી આજે પૂર્વમાં આવીને પ્રકાશી રહ્યો છે, ને અજ્ઞાન અંધકારનો નાશ કરી રહ્યો છે. ગંગાકિનારે આવેલી આ નગરીમાં ગુરુદેવ આજે જ્ઞાનની ગંગા વહેવડાવી રહ્યા છે...તે ગંગામાં સ્નાન કરતાં આપણે પવિત્ર બનીએ ને ૮૪ ના ચક્કરથી છૂટીને મોક્ષપદ પામીએ.

❀ કાશીના પં. શ્રી ફૂલચંદજીએ કહ્યું કે–શ્રી તીર્થંકરભગવંતોએ આપણને જે વાત આપી હતી તે જ વાત મુનિવરોએ આપણને આપી, અને તે જ વાત સ્વામીજી આજે આપણને સમજાવી રહ્યા છે. મોક્ષ જવાની જ્ઞાનકળા જેમણે આપણને દેખાડી એવી મહાન વિભૂતિને એકકોર રાખીને શું આપણે મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવને સારી રીતે ઉજવી શકીશું?–નિર્વાણ મહોત્સવ ખરેખર ત્યારે જ ઉજવી શકીશું કે તેમણે બતાવેલા નિર્વાણમાર્ગને બરાબર સમજીને જ્યારે આપણે પણ તે માર્ગે ચાલીશું.

❀ ગૌહત્તીના ઉત્સાહી ભાઈશ્રી નેમિચંદજીએ કહ્યું કે–ગુરુદેવની જન્મ–જયંતિ વર્ષમાં માત્ર એકવાર નહિ–પણ અમારે તો રોજ–રોજ ઉજવવાની ભાવના છે.

સ્વ–સત્તામાંથી જ ધર્મની ઉત્પત્તિ થવાનું ગુરુદેવ સમજાવે છે; એવી સ્વ–સત્તાની પ્રતીત વડે સમ્યગ્દર્શનાદિ કરીને સદાય મંગલ ઉત્સવ ઉજવીએ, એ જ ગુરુદેવ પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ છે.

❁ કલકત્તા દિગંબર જૈનસમાજના મંત્રી શ્રી હિંમતસિહજીએ કહ્યું કે ગુરુદેવના સાત દિવસના પ્રવચનો સાંભળી તટસ્થભાવે વિચાર કરતાં અનેક ભ્રાંતિ અને શલ્ય દૂર થયા છે. આપના પ્રવચનમાં પૂજા–ભક્તિ–વ્રત–તપનો ક્યાંય વિરોધ છે નહીં, તેની સાચી સ્થિતિ આપ સમજાવો છો...આપ ચિરંજીવપણે અમને ધર્મલાભ આપ્યા કરો–એમ ભાવના ભાવીએ છીએ.

❁ ચોરીવાડ (ગુજરાત) માં મુમુક્ષુઓએ ચૈત્ર સુદ તેરસે મહાવીર જયંતિ આનંદથી ઉજવી હતી. પૂજન–ભક્તિ–પારણાઝૂલન વગેરે ઉપરાંત પાઠશાળાના બાળકોને ઇનામની વહેંચણી થઈ હતી ને સૌએ વીરપ્રભુના પંથે ભગવાન થવાની ભાવના ભાવી હતી.

❁ કલકત્તામાં વૈશાખ સુદ એકમના રોજ વડીઆવાળા ભાઈશ્રી જાદવજી જેચંદની સુપુત્રી કુમારી આશાબેન (ઉ. વર્ષ ૨૩) પૂ. ગુરુદેવ સમક્ષ આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી છે; તે બદલ ધન્યવાદ.

❁ વૈશાખ સુદ બીજે કલકત્તા મુમુક્ષુમંડલ તરફથી ચાંદીમાં કોતરેલું અભિનંદનપત્ર ગુરુદેવને અર્પણ કરવામાં આવ્યું હતું. તે જ દિવસે સ્વ. ભાઈશ્રી ચંદ્રકાન્ત હરિલાલની સ્મૃતિમાં પ્રગટ થયેલ 'સમ્યગ્દર્શન' પુસ્તક પાંચમું પૂ. ગુરુદેવના સુહસ્તે મુમુક્ષુઓને ભેટ આપવામાં આવ્યું હતું.

❁ આ વર્ષે દેશ–કાળની પરિસ્થિતિ અનુસાર, સોનગઢમાં ઉનાળાની રજાઓ દરમિયાન વિદ્યાર્થીઓના શિક્ષણવર્ગ ખોલવામાં આવ્યા નથી, તેમજ શ્રાવણ માસમાં પણ શિક્ષણ વર્ગ ખોલવામાં આવનાર નથી. વિદ્યાર્થીઓએ પોતપોતાના ગામમાં જ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીને રજાઓનો સદુપયોગ કરવા ખાસ ભલામણ છે; તેમજ પોતપોતાના ગામની પાઠશાળાઓમાં પણ લાભ લેવો. જીવનમાં ઉત્તમ ધર્મસંસ્કાર લેવા તે હિતનું કારણ છે.

## ❀ ક્રોધથી તારું શાંત ઘર સળગે છે, તેને બચાવ. ❀

જીવ ક્રોધથી અંધ બનીને પોતે પોતાને કેવું નુકશાન કરે છે તેનું એક સ્થૂળ દ્રષ્ટાંતઃ–બે માણસોને એકબીજા સાથે દુશ્મનાવટ થઈ; બંનેનું ઘર આજુબાજુમાં જ હતું. એકે ક્રોધથી વિચાર્યું કે હું સામાનું ઘર બાળી નાખું. તે– અનુસાર સામાનું ઘર બાળી નાંખવા તેના ઘરમાં અગ્નિ ફેંકીને ભાગ્યો. પણ બીજો માણસ તે દેખી ગયો; પોતાનું ઘર બળતું હોવા છતાં ક્રોધથી તેણે વિચાર્યું કે, જો ઘર ઠારવા રોકાઈશ તો આ શત્રુ ભાગી જશે;–માટે તેને પકડું. એમ તેને પકડવા તેની પાછળ ગયો; અને પછી પાછો આવીને જુએ છે તો પોતાના ઘરનું નામનિશાન ન મળે... આગમાં બધુંય ભસ્મીભૂત! તે દેખીને તેને પસ્તાવો થયો કે અરેરે! શત્રુ ઉપર ક્રોધ કરવા કરતાં મેં પોતે મારા ઘરની આગ ઠારી હોત તો મારું ઘર ન બળત...તેમ જીવને કાંઈક પ્રતિકૂળતાનો પ્રસંગ આવતાં સામા ઉપર તે ક્રોધ કરે છે, એ ક્રોધ વડે પોતે પોતાના સ્વઘરની શાંતિને બાળે છે; પણ ક્રોધાગ્નિ બુઝાવીને પોતે પોતાના શાંત પરિણામમાં રહે તો એને કંઈ જ નુકશાન ન થાય, ને પોતાની આત્મિકશાંતિ મળે. આ રીતે પ્રતિકૂળતામાં ક્રોધ–એ દુઃખથી બચવાનો ઉપાય નથી, પણ શાંતિ એ જ દુઃખથી બચવાનો ઉપાય છે જગતનો કોઈ શત્રુ તારી જે શાંતિને હણવા સમર્થ નથી તે શાંતિને તું પોતે જ ક્રોધ વડે કેમ હણે છે? ન હણ, નહણ.

જ્યાં ક્રોધ છે ત્યાં દુઃખ છે... જ્યાં શાંતિ છે ત્યાં સુખ છે. 卐

---

**સૂચનાઃ-** આત્મધર્મના ગતાંકમાં ૮૪ બોલની રત્નમાળા છપાયેલ છે, તેમાં ૪૦ મા પાને, ૬૪ નંબરનો બોલ અધૂરો છપાયેલ છે, એ આખો બોલ નીચે મુજબ છે–

“ એ પ્રાણોની સંતતિ તોડીને તારે સિદ્ધપદનું જીવન પ્રાપ્ત કરવું હોય તો તારી દશા કેવી હોવી જોઈએ ?–કે દેહાદિથી અત્યંત ભિન્ન પોતાના શુદ્ધ ચિદાનંદતત્ત્વને એકને જ અવલંબીને તેમાં સુનિશ્ચિળ થા.–એવી દશા થતાં જડ પ્રાણોના ધારણરૂપ સંસાર–સંતતિનો છેદ થશે, ને અશરીર અતીન્દ્રિય પરમ જ્ઞાનાનંદમય જીવન પ્રગટશે.

## 卐 જ્ઞાન ચેતના 卐

જબલગ જ્ઞાનચેતના ન્યારી તબલગ જીવ વિકલ સંસારી,
જબ ઘટ જ્ઞાન ચેતના જાગી તબ સમકિતી સહજ વૈરાગી.
સિદ્ધસમાન રૂપ નિજ માને પર સંયોગભાવ પરમાણે,
શુદ્ધાતમ અનુભૌ અભ્યાસે ત્રિવિધ કર્મકી મમતા નાસે.

## આપણા સૌરાષ્ટ્રની વાત-

સામે પાને છપાયેલ શિલાલેખનું ચિત્ર આપ જોઈ રહ્યા છો. આ શિલાલેખ પ્રભાસપાટણ વેરાવળ (સોમનાથ)ના એક પોલીસસ્ટેશન પાસેથી તા. ૨–૪–૧૯૫૮ના રોજ મળી આવ્યો હતો અને હાલમાં તે જુનાગઢમાં સક્કરબાગ–મ્યુઝીયમને શોભાવી રહ્યો છે.

આ શિલાલેખ હાલની સ્થિતિમાં ૧૮″× ૧૬″ છે; ડાબા હાથ તરફનો તેનો લગભગ અડધો ભાગ નષ્ટ થઈ ગયો છે. શિલાલેખમાં ૨૫ લાઈનો છે; ભાષા સંસ્કૃત છે.

❁ શિલાલેખની સાતમી લાઈન નીચે મુજબ છે–

**न्नंदिसंधे गणेश्वराः। बभूवुः कुंदकुंदारव्याः साक्षात्कृतजगत्त्रयाः। १३ येषामाकाशगामित्वं त्या**

આમાં નંદીસંઘના ગણેશ્વર તરીકે કુંદકુંદાચાર્યદેવને યાદ કરીને તેમને ‘ત્રણ જગતને સાક્ષાત્ કરનારા’ કહ્યા છે, અને તેમની આકાશગામિત્વ ઋદ્ધિનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

❁ શિલાલેખની ૧૧ મી લાઈનમાં **श्रीमत् नेमिजिनाधीश तीर्थयात्रानिमित्ततः** એવો ઉલ્લેખ છે, એટલે ગીરનારતીર્થની યાત્રા નિમિત્તે કોઈના આગમનનો તેમાં ઉલ્લેખ છે.

❁ શિલાલેખની ૨૩મી લાઈનમાં, પશ્ચિમ સાગરના તીરે (એટલે કે સોમનાથમાં) ચંદ્રપ્રભસ્વામીના જિનગૃહનો ઉલ્લેખ છે. અને તેમાં **जयतात् दिग्वाससां शासनं**–એવો દિગંબર શાસનનો ઉલ્લેખ છે.

❁ સોમનાથના એક મંદિરમાં જૈનમૂર્તિ બિરાજમાન હોવાનો ઉલ્લેખ બનારસના વિદ્વાન પં. શ્રી કૈલાસચંદજીએ પોતાના એક પુસ્તકમાં કર્યો છે.

❁ અત્યારે તો આપણે સૌરાષ્ટ્રમાંથી મળેલા આ શિલાલેખમાં કુંદકુંદાચાર્યદેવનો ‘ત્રણ જગતને સાક્ષાત્ કરનારા’ તરીકેનો મહાન ઉલ્લેખ, તેમજ તેમના આકાશ–ગામિત્વનો ઉલ્લેખ દેખીને પ્રસન્નતા થાય છે, ને ગીરનારતીર્થધામની યાત્રાએ પધારેલા એ પ્રભુના નામનો શિલાલેખ આજે જુનાગઢમાં દેખીને કુંદપ્રભુના જ દર્શન જેવો આનંદ થાય છે. આપ ગીરનારયાત્રાએ જાઓ ત્યારે એ શિલાલેખના પણ દર્શન જરૂર કરજો.